CMYK CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૧૦    ગુરૂવાર, તા.૦૪-૦૪-૨૦૨૪    અંક : ૨૦૭ વર્ષ : ૨૧    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# માફી મંજૂર નથી : BJP-ક્ષત્રિયો વચ્ચેની બેઠક નિષ્ફળ

## રૂપાલાની ટિકિટ કાપી ઉમેદવાર બદલો, ક્ષત્રિયોની માગ યથાવત : અમે પક્ષમાં રજૂઆત કરીશું હવે પાર્ટી નિર્ણય લેશે - ભાજપના નેતા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

અમદાવાદ,

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનને લઈ રાજપૂત સમાજમાં રોષ ભભૂક્યો છે. આ અંગે ગઈકાલે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સાથે ભાજપના ક્ષત્રિય આગેવાનોની મિટિંગ યોજાઈ હતી. આજે રાજપૂત સમાજની કોર કમિટીની બેઠક શહેરના ગોતા વિસ્તારમાં આવેલા રાજપૂત ભવન ખાતે યોજાઈ હતી. જોકે એ પહેલાં રાજપૂત સમાજની કોર કમિટીની એસજી હાઈવે ઉપર એક હોટલમાં બેઠક મળી હતી. આજે મળેલી બેઠકમાં કોઈ નિર્ણય આવ્યો નથી અને આ બેઠક નિષ્ફળ રહી હતી. ક્ષત્રિય આગેવાનોએ ભાજપના નેતાઓ સમક્ષ રૂપાલાની ટિકિટ કાપવાની જ માગ કરી હતી.

ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ બેઠક બાદ જણાવ્યું હતું કે આજે અમે કોર કમિટી સાથે બેઠક કરી છે. ક્ષત્રિય સમાજના આગેવાનો હાજર હતા. કોર કમિટી સાથે વાત કરી છે. રૂપાલાએ ૩૦ મિનિટમાં માફી માગી હતી. ગોંડલ ખાતે માફી માગી હતી, પ્રદેશ પ્રમુખે પણ માફી માગી છે. અમે બાબતો કોર કમિટી સમક્ષ રજૂ કરી છે. બધાએ રજૂઆત કરી છે. બધાની એક જ માગ છે કે રૂપાલાની ટિકિટ કાપી ઉમેદવાર બદલે એમ કહ્યું છે.

આજે ભાજપના ક્ષત્રિય આગેવાનો રૂપાલાની માફીની વાત લઈને આવ્યા છે. એ અમને મંજૂર નથી, એમ કોર કમિટીએ કહ્યું છે, અમે પક્ષમાં રજૂઆત કરીશું. હવે પાર્ટી નિર્ણય લેશે. અમે પાર્ટીમાં અહીં બેઠકમાં જે વાત થઈ એ રજૂ કરીશું.

## પરષોત્તમ રૂપાલાને આચારસંહિતા ભંગની ફરિયાદમાં મળી ક્લિનચીટ

### સમાજ સામે આપેલા નિવેદન મામલે ફરિયાદ કરવામાં આવી હતી

રાજકોટ,

રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાને ચૂંટણી પંચ દ્વારા રાહત મળી છે. આચાર સંહિતા ભંગની ફરિયાદમાં રૂપાલાને ક્લિનચીટ મળી છે. એક કાર્યક્રમમાં સમાજ સામે નિવેદન બદલ ફરિયાદ નોંધાઈ હતી. રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાને આચારસંહિતા ભંગની ફરિયાદમાં ક્લિનચીટ મળી છે. રૂપાલા સામે કાર્યક્રમમાં સમાજ સામે આપેલા નિવેદન મામલે ફરિયાદ કરવામાં આવી હતી. જેનો રીપોર્ટ કરવામાં આવ્યો હતો. જિલ્લા ચૂંટણી અધિકારીના રિપોર્ટમાં રૂપાલાને ક્લિનચીટ આપવામાં આવી છે.

## રાહુલ ગાંધીએ વાયનાડથી નોમિનેશન ભર્યું




કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ બુધવારે વાયનાડથી ઉમેદવારી નોંધાવી હતી. આ પ્રસંગે તેમની બેન પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓ હાજર રહ્યાં હતાં તેમણે ઉમેદવારી નોંધાવતા પહેલા તેમણે કાલપેટ્ટાથી રોડ શો શરૂ કર્યો હતો. રોડ શો દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે અહીં "માનવ-પ્રાણી સંઘર્ષનો મુદ્દો છે, મેડિકલ કોલેજનો મુદ્દો છે. હું આ લડાઈમાં વાયનાડના લોકોની સાથે ઉભો છું. અમે સરકાર પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો છે. મેડિકલ કોલેજ. સીએમને પત્ર લખ્યો છે. પરંતુ કમનસીબે તેઓ આગળ વધ્યા નથી. મને પૂરો વિશ્વાસ છે કે જો દિલ્હીમાં અમારી સરકાર હશે અને કેરળમાં અમારી સરકાર બનશે ત્યારે અમે આ મુદ્દાઓ ઉકેલીશું.

## તાઈવાનમાં ૨૫ વર્ષનો સૌથી મોટો ભુંકપ

તાઈવાન,

બુધવારે તાઈવાનમાં ૭.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેના આંચકા જાપાન અને ફિલિપાઈન્સમાં પણ અનુભવાયા હતા. આ પછી તાઈવાન, જાપાન અને ફિલિપાઈન્સમાં સુનામી એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

તાઈવાનના મીડિયા અનુસાર, પ્રાથમિક અહેવાલમાં ચારના મોત થયા છે અને ૧૦૦ ઘાયલ છે. જો કે આકડો વધી શકવાની પુરી શકયતા છે. ભુકંપથી તાઈવાનમાં ૧૦ હજારથી વધુ ઘરો વીજળી ગુલ થઈ છે. ભૂકંપના કારણે વાયર અને પાવર પ્લાન્ટને નુકસાન થયું છે. વીજ પાવર સપ્લાય ફરીથી શરુ કરવાની કામગીરી ચાલી રહી છે.

જાપાનના હવામાન વિભાગે સમુદ્રમાં ૩ મીટર એટલે કે લગભગ ૧૦ ફૂટ સુધી મોજા ઉછળવાની આગાહી કરી છે. જો કે હજી સુધી જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.તાઈવાનના સેન્ટ્રલ વેધર બ્યુરોના જણાવ્યા અનુસાર, ૨૫ વર્ષમાં તાઈવાનમાં આવેલો આ સૌથી ખતરનાક ભૂકંપ છે. આ પહેલા ૧૯૯૯માં ૭.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ત્યારે ૨ હજારથી વધુ લોકોના મોત થયા હતા.

તાઈવાનની હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, પૂર્વ તાઈવાનના હુલિએન શહેરમાં ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર ધરતીથી ૩૪ કિલોમીટર નીચે હતું. ભારતીય સમય અનુસાર સવારે ૫:૩૦ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઘણા આફ્ટરશોક્સ પણ આવ્યા છે. તેમાંથી સૌથી તેજ ૬.૫ની તીવ્રતાનો આફ્ટરશોક હતો.



## ફોર્બ્સની ૨૦૨૪ના અબજોપતિઓની યાદીમાં ૯ નંબરે પહોંચ્યા મુકેશ અંબાણી

(જી.એન.એસ)નવીદિલ્હી,,તા.૦૩

મુકેશ અંબાણી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ તો છે જ પણ ફોર્બ્સ દ્વારા જાહેર કરાયેલ ૨૦૨૪ના અબજોપતિઓની યાદીમાં ૯ નંબરના સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે, આ સમાચારથી તેમની કંપનીના શેર પર શું અસર થઈ તે વિષે પણ તમને જણાવીશું, જેમાં આ સમાચાર લખાઈ રહ્યા છે ત્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ લિમીટેડનો શેર ૦.૬૦ ટકાના ઘટાડા સાથે ૧૭.૯૦ રૂપિયા માઈનસ સાથે ૨,૯૫૬ સાથએ ટ્રેડ કરી રહ્યો છે,૫૨ વીક હાઈની વાત



કરીએ તો આ શેર ૩,૦૨૪.૯૦ હતો, ૫૨ વીક લો ની વાત કરીએ તો શેર ૨,૦૯૫.૮૫ એ લો કિંમત હતી. આ પછી ત્યારે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શેરમાં પણ ૦.૯ અને રૂ ૧૩ ના વધારા સાથે ૧૨,૪૬.૯૫ રૂપિયા પર ટ્રેડ કરી રહ્યા છે. ૫૨ વીક હાઈની વાત કરીએ તો આ શેર ૧,૬૦૫ રૂપિયા હતો. ૫૨ વીક લો ની વાત કરીએ તો ૭૨૮.૫૦ રૂપિયા લો પર ગયો હતો આ શેર. આની સાથે જીયો ફાઈનાન્સની વાત કરીએ તો જીઓ ફાઈનાન્સના શેર ૦.૨૪ ટકાના ઘટાડા સાથે ૦.૮૫ ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા છે.

## કેજરીવાલની ધરપકડ અંગે દલીલો બાદ હાઈકોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો

### અરજી પર સુનાવણી પૂર્ણ, દલીલ સાંભળ્યા બાદ

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા ધરપકડના વિરોધમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેમાં તેમની ધરપકડને પડકારવામાં આવી હતી. આ દરમિયાન દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી વખતે કેજરીવાલે દલીલ કરી હતી કે અમને ચૂંટણી લડતા રોકવાના પ્રયાસરૂપે મજબૂત પુરાવા વિના જ મારી ધરપકડ કરી લેવામાં આવી છે.બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ દિલ્હી હાઈકોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો છે.સુપ્રીમ કોર્ટે આ મામલે જ આપ નેતા સંજય સિંહને શરતો હેઠળ જામીન આપ્યા હતા. હવે તેના પરથી કેજરીવાલને પણ આશા જાગી છે. દરમિયાન તેમના વકીલ સિંઘવીએ કોર્ટમાં કહ્યું કે કેજરીવાલ સામે કોઈ પુરાવા નથી. કોઈ મજબૂત આધાર વગર જ તેમના અસીલની ધરપકડ કરી લેવામાં આવી છે. કેજરીવાલની ધરપકડ ફક્ત તેમને અપમાનિત કરવા અને પરેશાન કરવા માટે કરાઈ છે.

## ઈસ્તાંબુલ નાઈટ ક્લબમાં ભીષણ આગ લાગતા ૨૯ જીવતા ભૂંજાયા

તુર્કી,

તુર્કીમાં ફરી એકવાર મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. દેશના ઈસ્તાંબુલ શહેરમાં એક નાઈટ ક્લબમાં રિનોવેશન દરમિયાન આગ લાગી હતી, જેમાં અત્યાર સુધીમાં ૨૯ લોકોના મોત થયા છે. આ ઘટનામાં અન્ય ઘણા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. એપીના અહેવાલ મુજબ, આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. મૃતકોની સંખ્યામાં હજુ વધારો થવાની આશંકા છે.

મળતી માહિતી મુજબ, ઈસ્તાંબુલ સ્થિત નાઈટ ક્લબ રિનોવેશન માટે બંધ કરવામાં આવી હતી. નાઈટ ક્લબ બેસિકતાસ જિલ્લામાં ૧૬ માળની રહેણાંક ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર હતી. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું છે કે આગના કારણની તપાસ કરવામાં આવી રહી છે. એવું માનવામાં આવે છે કે માર્યા ગયેલા લોકો ક્લબના રિનોવેશનના કામ સાથે સંકળાયેલા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

## ભાજપ દ્વારા આતીશીને બદનક્ષીની નોટીસ

### ભાજપમાં જોડાવાની ઓફરનો પુરાવો આપો

નવીદિલ્હી,તા.૩

આપ મંત્રી આતિશીએ મંગળવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આરોપ લગાવ્યો કે તેમને ભાજપમાં જોડાવાની ઓફર મળી છે. ભાજપમાં જોડાવા માટે તેમના નજીકના વ્યક્તિ દ્વારા તેમનો સંપર્ક કરવામાં આવ્યો છે. તેમને કહેવામાં આવ્યું છે કે તેઓ ભાજપમાં જોડાઈને પોતાની રાજકીય કારકિર્દી બચાવી લે, નહીંતર ઈડી એક મહિનામાં તેમની ધરપકડ કરશે. થોડા દિવસોમાં તેમના નિવાસસ્થાન, સંબંધીઓ અને પરિવારના સભ્યોના ઘરે દરોડા પાડવામાં આવશે અને સમન્સ મોકલવામાં આવશે. તે જ સમયે, હવે ભાજપે આતિષીના આરોપો બાદ તેને માનહાનિની નોટિસ મોકલી છે.દિલ્હી બીજેપી ચીફ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું, 'અમે (દિલ્હીના મંત્રી અને આપ નેતા આતિશી)ને પુરાવા આપવા માટે કાનૂની નોટિસ આપી છે.

## તિહારમાં બંધ કેજરીવાલના વજનમાં ઝડપથી થયો ઘટાડો

### સાડા ચાર કિલો વજન ઘટ્યું : તબીબો હાલ ચિંતામાં

તિહાર,

તિહાર જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું વજન ઝડપથી ઘટી રહ્યું છે. આમ આદમી પાર્ટીના સૂત્રોએ આ મોટો દાવો કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ધરપકડ બાદ કેજરીવાલે



સાડા ચાર કિલો વજન ઘટ્યું છે. ઝડપથી ઘટી રહેલા વજનને લઈને ડૉક્ટરોએ ચિંતા વ્યક્ત કરી છે. કેજરીવાલ ત્રણ દિવસથી જેલમાં છે. સોમવારે તેમને ૧૫ દિવસ માટે જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા.

## 'અયોધ્યા' બની દુનિયાની ધાર્મિક રાજધાની

### ૪૮ દિવસમાં જ ૧ કરોડ શ્રદ્ધાળુઓ ભગવાન રામના દર્શન કરવા પહોંચ્યા



અયોધ્યા,

અયોધ્યા દુનિયાની ધાર્મિક રાજધાની બની ગઈ છે. રામ મંદિર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે ૨૨ જાન્યુઆરીએ રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા પછી ૧૦ માર્ચ સુધી અહીં ૧ કરોડ લોકો પહોંચ્યા છે. એટલે લગભગ ૨ લાખ લોકો અહીં રોજ દર્શન કરી રહ્યા છે.

દુનિયામાં આટલી મોટી સંખ્યામાં લોકો કોઈપણ ધર્મના ધર્મસ્થળ પર પહોંચી રહ્યા નથી. ઈસાઈઓના સૌથી મોટા ધાર્મિક સ્થળ વેટિકન સિટીમાં વાર્ષિક લગભગ ૯૦ લાખ લોકો આવે છે. જ્યારે મુસ્લિમોના પવિત્ર સ્થળ મક્કામાં ગયા વર્ષે ૧.૩૫ કરોડ લોકો પહોંચ્યા.૨૨ જાન્યુઆરીના રોજ ભગવાન રામની પ્રાણપ્રતિષ્ઠા થઈ. ત્યારથી ૪૮ દિવસ (૨૨ જાન્યુઆરીથી ૧૦ માર્ચ સુધી)માં અહીં ૧ કરોડ લોકો દર્શન કરી ચૂક્યા છે. યૂપી ટૂરિઝમ વિભાગના જણાવ્યા પ્રમાણે આ વર્ષે લગભગ ૮ કરોડથી વધારે શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચી શકે છે. ધાર્મિક સ્થળ પર બિઝનેસ મોનિટરિંગ કરનારી એજન્સી હ્યુમન કેપિટલ સાસ પ્લેટફોર્મ બેટરપ્લેસના જણાવ્યા પ્રમાણે આગામી ૪-૫ વર્ષોમાં અહીં દોઢથી ૨ લાખ લોકોને રોજગાર મળવાની શક્યતા છે.

અયોધ્યામાં મંદિર નિર્માણ સાથે અહીં જમીનની કિંમત ૧૦ ગણી વધી ગઈ છે. લગભગ ૭૦૦ લોકોએ પોતાના ઘરને હોમ સ્ટેમાં બદલી દીધા છે. છેલ્લાં ૨ વર્ષમાં લગભગ ૧૦૦ હોટલ બનીને તૈયાર છે. ૫૦ થી વધારે હોટલનું કન્સ્ટ્રક્શન ચાલી રહ્યું છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ)એ આંકલન કર્યું હતું કે મંદિર નિર્માણથી અહીં વેપારનો આંકડો ૧ લાખ કરોડ રૂપિયા પહોંચી શકે છે. પ્રાણપ્રતિષ્ઠા પહેલાં ૫૦ હજાર કરોડનું અનુમાન હતું.

# બાળકી સાથે અભદ્ર વર્તન કરનાર બે બાળકોના પિતાને બે વરસની શખત કેદ અને ૬૦૦૦નો દંડ

નવિનભાઈ જોશી ઊનાઃસમાચાર ઊનાઃ ઊના તાલુકાના સોનરી ગામે ગત તારીખ ૨૪/૦૬/૨૦૨૨ના રોજ એક સગીર વયની બાળકી તેમની માતા સાથે સોનારી ગામ ના તળાવ કાઠે કપડાં ધોવા ગઈ હતી અને બાજુના મંદિર એ રમતી હતી ત્યારે સોનરી ગામનો બે બાળકો નો પિતા અલ્પેશ ઉર્ફે જાડો ભાણા ભાઈ સોલંકી પોતે પરણિત હોવા છતાં દિકરી સમાન બાળકી ઉપર નજર બગાડી સગીરા મંદિર પાસે રમતી હોય ત્યાં આવી કહેલ કે નજીક ની વાડીએ નીરણ લેવા જવાનું કઈ બાઈક ઉપર બેસાડી થોડે દૂર બાવળ ની ઝાડી પાછળ લઈ જઈ ખરાબ કૃત્ય કરવા ના ઈરાદે અડપલાં બાળકી સાથે કરી કપડાં ઉતારવાનું કહેતા બાળકી ગભરાઈ જઈ ભાગી ને માતા પાસે આવી વાત કરતા માતા એ અલ્પેશ ને ઠપકો આપવા જતા આરોપી અલ્પેશ ઉશ્કેરાઈ જઈ ફરિયાદ કરશો તો જાન થી મારી નાખીશ ની ધમકી આપતા આ અંગે ઊના પોલીસ માં ભોગ બનનાર ના નાના એ પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી હતી તે સમયે પોલીસે પોસ્કો અને વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપી ને પકડી પાડયો હતો અને તેનું ચાર્જ સીટ કોર્ટ માં રજૂ કરેલ હતું જેનો કેસ ઊના ની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલતા ભોગ બનનાર ની જુબાની, પોલીસ અને સાહેદો ની જુબાની અને સરકારી વકીલ મોહન ભાઈ ગોહેલ એ ધાર દાર દલીલો અને હાઈ કોર્ટ ના ચુકાદાઓ રજૂ કરી અને આરોપી ને કડક મા કડક સજા થાય તે માટે રજૂઆત કરી હતી. ઊના એડિશનલ સેશન્સ કોર્ટ ના જજ શ્રી એ દલીલો પુરાવા જુબાની માન્ય રાખી આરોપી અલ્પેશ ઉર્ફે જાડો ભાણા ભાઈ સોલંકી રે. સોનારિ તા. ઊના પોતે પરણિત હોવા છતાં બે બાળકો નો પિતા હોવા છતાં સગીર બાળકી ઉપર અધમ કૃત્ય આચાર વાના ગુના માં બે વરસ ની શખત કેદ અને રૂપિયા ૬૦૦૦/દંડ નો હુકમ કર્યો હતો.

# સોમનાથ મંદિર પાસે થયેલા ૧૦૦ જેટલા દબાણો દૂર કરતું તંત્ર



## દર્શનાર્થીઓ, પ્રવાસીઓ, મંદિરની આજુબાજુનાં રહેણાંક વિસ્તાર તથા સોમનાથ શોપિંગ સેન્ટરનાં વેપારીઓનાં પ્રશ્નોનાં નિવારણની દિશામાં કલેક્ટરનું મક્કમ પગલું

ગીર સોમનાથઃ સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા વિકાસકાર્યો તથા શિવરાત્રિને લઈને સુરક્ષાને ધ્યાને લેતા કરવામાં આવેલા બેરિકેડિંગ તથા દિવાલને કારણે સોમનાથ શોપિંગ સેન્ટરના વેપારીઓને ગ્રાહકો મળવાની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ બાબતે શોપિંગ સેન્ટરના વેપારીઓએ જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા અને સોમનાથ ટ્રસ્ટને રજૂઆત કરી હતી.

સ્થાનિક વેપારીઓની આ રજૂઆતને ધ્યાનમાં લઈને કલેક્ટરશ્રીએ વેરાવળ પ્રાંત અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને ૧૦ સભ્યોની સમિતિની રચના કરી હતી. જેમાં સોમનાથ સુરક્ષાના નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પ્રભાસપાટણ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, વેરાવળ, મામલતદારશ્રી, વેરાવળ શહેર, સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરશ્રી અને વ્યાપારી મંડળના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

આ સમિતિને એક અઠવાડિયાની અંદર વેપારીઓને લગતા પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે કલેક્ટરશ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ સૂચના આપી હતી. તેનો ત્વરિત અમલ કરતાં આજે સવારે સોમનાથ મંદિર પાસે થયેલા ૧૦૦ જેટલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.દિગ્વિજય દ્વારની સામે આવેલ કુંભારવાડામાં જૂના ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. હોટલ તેમજ મકાનોની બહાર કાઢેલ શૌચાલય-બાથરૂમ, ઓટલા, કેબીન જેવા દબાણો જેસીબીની મદદથી દૂર કરવામાં આવ્યાં હતાં.અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા સોમનાથ મંદિર શોપિંગ સેન્ટર ખાતે ૧૨૦ દુકાનોના દુકાનમાલિકોના પ્રતિનિધિઓ સાથે કલેક્ટરશ્રીએ બેઠક યોજી વેપારીઓને અગવડરૂપ પ્રશ્નોની રજૂઆતો સાંભળી તેનું એક અઠવાડિયામાં નિરાકરણ લાવવાની હૈયાધારણ આપી હતી. જેનો અમલ કરતાં આજે તાત્કાલિક ધોરણે ૧૦૦ જેટલા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ કાર્યવાહીથી રસ્તો પહોળો થવાથી દર્શનાર્થીઓ, પ્રવાસીઓ, મંદિરની આજુબાજુના રહેણાંક વિસ્તાર તથા સોમનાથ શોપિંગ સેન્ટરનાં વેપારીઓ તથા રીક્ષા-વાહનચાલકોને રાહત થઈ છે. જેથી ટ્રાફિકની સમસ્યા પણ હળવી થઈ છે. આગામી સમયમાં પઠાણવાડા વિસ્તારમાં પણ અનધિકૃત બાંધકામો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.પ્રાંત અધિકારીશ્રી, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી તેમજ પોલીસ અધિકારીઓની હાજરીમાં આ અનધિકૃત બાંધકામ દૂર કરવામાં આવ્યાં હતાં.

# પ્રભાસ પાટણમાં કચરા અને પ્લાસ્ટિક ખાઈને બીમાર પડતી ગૌ માતાઓ

કૈલૈશ ભટ્ટ ઉનાઃ પ્રભાસ પાટણ સોમનાથ મા ઠેક ઠેકાણે કચરો અને પ્લાસ્ટિક ને કારણે ગંદકી જોવા મળે છે તેમજ વારંવાર ધોરીયા છલકાવા નેં કારણે રોડ ઉપર ગંદકી યુક્ત પાણી ફરી વળે છે

પ્રભાસ પાટણ ખુબજ ગીચ વસ્તી ધરાવતું શહેર છે અને તેમાં કચરો અને પ્લાસ્ટિક ચારે બાજુ પડેલ જોવા મળે છે જેની પુરતા પ્રમાણમાં સફાય કરવામાં આવતી નથી અને પ્લાસ્ટિક ની થેલી માં ખાવા ની વસ્તુ સાથે નાખવામાં આવે છે અને ગાયો પ્લાસ્ટિક સાથે ખાવાની વસ્તુ પણ ખાય જાય છે જેથી બીમાર પડે છે અને ગાયો મૃત્યુ ના મુખમા ધકેલાઈ જાય છે જેથી આવા કચરા અને પ્લાસ્ટિક ની ગંદકી નગરપાલિકા દ્વારા તાત્કાલિક ઉપાડીને નિકાલ કરવો જોઈએ પરંતુ કચરાના નિકાલ માટે પુરતું ધ્યાન



આપવામાં આવતું નથી અને ચારે બાજુ ગંદકી નુ પ્રમાણ વધતુ જાય છે

આ ગંદકી અને ધોરીયા છલકાવાને કારણે મચ્છરો નો ઉપદ્રવ વધે છે અને બિમારી નુ પ્રમાણ વધે છે જેથી ગંદકી સાફ સફાઈ કરી અને ફોગીગ મશીન દ્વારા ધુમાડા ફેલાવવા જોઈએ.જેથી મચ્છરો મા ઘટાડો થાય તેમજ દવાનો છંટકાવ પણ કરવો જોઈએ જેથી રોગચાળો ઘટે જેથી લોકો ને દવાખાનાના ખર્ચા માંથી મુક્તિ મળે પ્રભાસ પાટણમાં ઠેર ઠેર વેરાયેલા પ્લાસ્ટિક ગંધવાદ અને કચરાને કારણે ગામ ગટરો બ્લોક થઈ જાય છે

જીવલેણ રોગના ધેરસમા આ પ્લાસ્ટિક થી નળની પાણી લીકેજ પાણી પાઈપ લાઈનનું પાણી દૂષિત થઈ રહ્યું છે વૈજ્ઞાનિકો અને રાસાયણિક શાસ્ત્રી ઓ તથા આરોગ્ય તંત્રે પરીક્ષણ અંતે સાબિત કર્યું છે કે પ્લાસ્ટિકમાં જોખમી રાસાયણિક રહેલું જ હોય છે અને આ રાસાયણિક ને કારણે થાઈરોડ કેન્સર જન્મતા બાળકનું ઓછું વજન જેવી સમસ્યાઓ પેદા થાય છે અને આરોગ્ય માટે પણ જોખમી છે નગરપાલિકાને આ સંબંધે કાયદાકીય પગલાં લેવાની વિશાળ સત્તા સરકારે આપેલ છે આમ છતાં નગરપાલિકા તંત્ર મન અને ધોર નિંદ્રામાં હોય તેવું લાગે છે

# ફ્લાઈંગ સ્કોડની વર્તણુક અને જપ્ત કરેલી રોકડ સામે અપીલ સહિતની રજૂઆતો માટે જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિનો સંપર્ક કરવા અનુરોધ

(અતુલ કારિયા) અમરેલીઃ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે આદર્શ આચાર સંહિતા ભંગ અને તેને લગતી ફરિયાદો, ધાક-ધમકી, અસામાજિક તત્વો, દારુ, શસ્ત્ર, દારુગોળા તેમજ મતદારોને લાંચ આપવાના હેતુસર મોટી રકમની હેરફેર વગેરે તમામ તપાસ માટે અમરેલી જિલ્લામાં ચૂંટણી જાહેરાતની તારીખ તા.૧૬/૦૩/૨૦૨૪ થી ફ્લાઈંગ સ્કવોડ કાર્યરત કરવામાં આવી છે. ચૂંટણીના જાહેરનામાની તા.૧૨/૦૪/૨૦૨૪ થી જિલ્લાના માર્ગો પરની ચેકપોસ્ટ પર સ્થાયી દેખરેખ ટુકડી પણ કાર્યરત થશે.

ફ્લાઈંગ સ્કવોડ અથવા સ્થાયી દેખરેખ ટુકડીની વર્તણૂક વિશે કોઈ ફરિયાદ હોય, તો ગેરવર્તણુક કે હેરાનગતિની ફરિયાદ નિવારણ માટે તથા જપ્તી સામેની અપીલ કરવા અને જપ્ત કરેલ રોકડ છૂટી કરવા માટે અમરેલી જિલ્લામાં જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવી છે. જે સમિતિના કન્વીનર તરીકે ચૂંટણી ખર્ચ નોડલ ઓફીસરશ્રી અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રીની નિમણુક કરવામાં આવી છે. તેમના મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૬૨૨૭ છે. જપ્તી તથા ફરિયાદના ઉક્ત કિસ્સાઓમાં જાહેર જનતા સમિતિના કન્વીનરશ્રીનો રુબરુ કે ટેલિફોનિક સંપર્ક કરી શકશે, તેમ ચૂંટણી ખર્ચ નોડલ ઓફીસરશ્રી અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# કારખાનાની લિફટમાં ફસાઈ જતાં મહિલાના મોત મામલામાં કારખાનેદાર સામે ગુનો નોંધાયો

રાજકોટઃ વાવડીમાં કારખાનાની લિફટમાં ફસાઈ જતાં મહિલાના મોત મામલામાં કારખાનેદાર સામે મૃતક મહિલાની પુત્રીની ફરીયાદ પરથી તાલુકા પોલીસે સદોષ મનુષ્યવધની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.બનાવ અંગે સુત્રાપાડામાં ઘંટીયા (પ્રાચી) ગામે રહેતી ક્રુપાબેન રમેશભાઈ દયાતર (ઉ.વ.૨૪) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે પિયુષ દેવચંદ ખૂંટ (રહે. શક્ય હાઈટ્સ, ગોવર્ધન ચોક, ૧૫૦ ફૂટ રિંગરોડ) નું નામ આપતાં તાલુકા પોલીસે આરોપી વિરૂદ્ધ સદોષ માનવ વધની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે,તેમના પરીવારમાં પિતા રમેશભાઈ નારણભાઈ દયાતરનું તા.૧૧/૦૭/૨૦૧૦ ના અને માતા ગીતાબેન રમેશભાઈ દયાતરનું તા.૧૫/૦૨/૨૦૨૪ ના રોજ અવશાન થયેલ છે. તેણી ત્રણ બહેનો અને એક ભાઈમાં મોટી છે. તેમની માતા ગીતાબેન અને બહેન પ્રીય બને વાવડી ગેઈટની સામે પી.જી.વી.સી.એલ.ની ઓફીસની સામે શેરી નં-૧ માં એડીશન એન્ટરપ્રાઈઝમાં છેલ્લા ૨૩ દિવસથી કામ કરતા હતાં. ગઈ તા.૧૫/૦૨/૨૦૨૪ ના તેમની બહેન પ્રીયાનો ફોન આવેલ કે, આપળી માતાને કાઈક થઈ ગયેલ છે.તુ જલ્દી આવ વાત કરી હતી અને દરમિયાન માતાની સાથે કામ કરતાં પ્રીયાબેન બાબરીયાનો ફોન આવેલ કે, તારા મમ્મી લીફટમાં આવી ગયેલ છે આમ વાત કરતા તે માતાના કારખાને પહોચેલ ત્યા જઈને જોયેલ તો ત્યા પોલીસ અને ફાયર બ્રીગેડ ઉભેલ હતી અને જાણવા મળેલ કે, મારા માતા લીફટમાં આવી જવાથી તેમનું મોત થયેલ છે. બાદમાં મૃતક સાથે કારખાનામાં કામ કરતી તેની નાની બહેન પ્રીયાએ વાત કરેલ કે, સવારના સમયે પ્રીયાને પાણી પીવુ હોય અને તે કારખાનામાં ત્રીજા માળે કામ કરતી હતી અને માતા ગીતાબેન કારખાનામાં નીચે કામ કરતા હોય અને તે પાણીની બોટલ આપવા માટે કારખાનાની અંદર આવેલ માલસામાન ઉપરના માળે લઈ જવાની ઓપન લીફટમાં પાણીની બોટલ લઈ ઉપર આવતા હતા ત્યારે અચાનક તેનું માથુ લીફટ અને બીજા માળની છત વચ્ચે ફસાઈ ગયેલ અને લીફટ પણ બંધ થઈ ગઈ હોય તેમજ લીફટના લોખંડના ભાગ વચ્ચે માતા ગીતાબેનનું માથુ ફસાયેલ હોય અને લોહી નીકળતુ હતુ. વધુમાં ઉમેર્યું કે, મારી માતા જે એડીશન એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં કામ કરે છે તે ત્રણ માળનું કારખાનું છે અને આ ઉપરના માળે જવા આવવા માટેની સીડી કારખાનાની પાછળના ભાગે આવેલ હોય અને આ સીડી ઘર કાયમી માટે બંધ રાખવામાં આવતુ હતુ જેથી કારખાનામાં ઉપરના માળે જવા માટે માત્ર ખુલ્લી લીફટનો જ ઉપયોગ કરવામાં આવતો હતો અને લીફટ ચારેય બાજુથી ખુલ્લી હતી.તેમાં કોઈ પ્રોટેકશન જાળી મુકવામાં આવેલ ન હતી અને કોઈ સેફટીના સાધનો પણ મુકવામાં આવેલ ન હતા. કારખાનામાં કામ કરતા તમામ મજુરો ઉપરના માળે જવા માટે આ લીફટનો જ ઉપયોગ કરતા હતા. લીફટમાં ગઈ તા.૧૫/૦૨/૨૦૨૪ ના રોજ ખોટવાઈ ગયેલ હતી અને તે દીવસે રીપેર કરવામાં આવેલ અને ફરીથી લીફટનો ઉપયોગ ચાલુ કરી દીધેલ હતો. ઉપરાંત તેની બહેને જણાવેલ કે, કારખાનામાં રહેલ લીફટનું રીપેરીંગ કર્યા વગર તેનો ઉપયોગ ચાલુ કરી દેવામાં આવતા તેમની માતાનું મોત થયું હતું. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપી પિયુષ ખૂંટની શોધખોળ હાથ ધરી હતી.

# દિવાળીએ નમૂના લીધા, રિપોર્ટ હોળી પછી આવ્યો કે, તે મુખવાસ ખાવા લાયક ન હતો


## હાલ મસાલાના નમૂના લેવાયા, ટ્રક મોઢે વેચાયા બાદ રિપોર્ટ આવશે, ત્યાં સુધીમાં કરોડોનો વેપાર થઈ જાય છે!

રાજકોટઃ રાજકોટ શહેરમાં દિવાળીએ પ્રકાશ સ્ટોર્સ અને અમૃત મુખવાસમાંથી અલગ અલગ મુખવાસના નમૂના લેવામાં આવ્યા હતા. ત્યારબાદ માર્કેટિંગ યાર્ડમાં ઈ-૫૦માં શ્રીરામ માર્કેટિંગમાંથી આઈશ્રી સોનલ બ્રાન્ડ સિંગતેલના નમૂના લેવાયા હતા અને ગીતગુર્જરી સોસાયટીમાં આવેલી ગાયત્રી ડેરીમાંથી કેસર શિખંડના નમૂના લેવાયા હતા. મુખવાસ અને શિખંડમાં સિન્થેટિક કલરની હાજરી અને તેલમાં આયોડિનનું પ્રમાણ વધુ રહેતા નીચી ગુણવત્તાનું સાબિત થયું છે જેથી આ તમામના રિપોર્ટ હવે છેક આવ્યા છે જેમાં બધા જ સબસ્ટાન્ડર્ડ નીકળ્યા છે. પણ ગંભીર બાબત એ છે કે, રિપોર્ટ આવતા આવતા ચાર મહિના વીતી ગયા છે. આ સમયમાં બધા ભેળસેળિયાઓએ અનેકગણી કમાણી કરી લીધી છે. હવે અધિક કલેક્ટરની કોર્ટમાં આ રિપોર્ટ અંગે કાર્યવાહી હાથ ધરાશે અને નિર્ણય આવતા આવતા બીજી દિવાળી આવી જશે આ રીતે દરેક તહેવાર ભેળસેળિયાઓ માટે ઉજવણી સમાન થતા જાય છે.રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખા સમયાંતરે અલગ અલગ ખાદ્ય પદાર્થોના નમૂના લે છે અને તેના પૃથક્કરણ માટે વડોદરા સ્થિત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની લેબમાં મોકલી આપે છે. ત્યાંથી રિપોર્ટ આવે ત્યારબાદ દંડ માટે અધિક કલેક્ટરની કોર્ટમાં અને જો રિપોર્ટ આરોગ્યને જોખમાય તેવો આવે તો સીધા કોર્ટમાં કાર્યવાહી કરવાની હોય છે. પણ, માત્ર સેમ્પલના રિપોર્ટમાં જ ચાર-ચાર મહિના વીતી જાય છે. આ સમય દરમિયાન ભેળસેળ કરનારા તત્ત્વો બેફામ કમાણી કરી લે છે. જ્યાં સુધી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ લેબની સંખ્યા અને લેબની કાર્યક્ષમતામાં વધારો નહિ કરે ત્યાં સુધી આવી જ સ્થિતિ રહેશે. જે કોઈ ભેળસેળિયાને ત્યાંથી સેમ્પલ લેવાશે એટલે રિપોર્ટ ન આવે ત્યાં સુધીમાં તે સસ્તો માલ વેચીને પણ લાખો રૂપિયા એકઠા કરી લેશે. જ્યારે રિપોર્ટ આવે અને કાર્યવાહી ચાલુ થાય ત્યાં સુધીમાં બીજા છ માસ વીતી જાય અને પછી ભેળસેળ માટે નજીવા દંડ થતા કૌભાંડીઓનો છુટકારો થાય છે.હાલ મસાલાની સિઝન ચાલી રહી છે. ચારેકોર મસાલા માર્કેટના મંડપ નાખી દેવાયા છે અનેક લેભાગુઓ પણ હલકી ગુણવત્તાનો માલ મૂકી કમાણી




કરી રહ્યા છે. ફૂડ શાખાએ અલગ અલગ મસાલા માર્કેટ તેમજ હોલસેલર અને ઉત્પાદકોને ત્યાં પહોંચીને ૨૬ નમૂના લીધા છે. જોકે આ નમૂનાનો રિપોર્ટ આવે ત્યાં સુધીમાં ટ્રકના ટ્રક મસાલા વેચાઈ જશે અને ચોમાસું પણ આવી જશે. હાનિકારક અને પ્રતિબંધિત રંગના મરચાં મસાલા અનેક લોકોના પેટમાં નુકસાન પહોંચાડી ચૂક્યા હશે.

# તેલ-તેલીબીયા ઉદ્યોગ ભાંગવાના આરે, આયાત નિયંત્રિત કરીને રાહત પેકેજ આપો:સમીર શાહ



રાજકોટઃખાદ્યતેલોની બેફામ આયાતથી ઘર આંગણાનો તેલ-તેલીબીયા ઉદ્યોગ વધુને વધુ ભાંગી રહ્યો છે અને તાત્કાલીક નીતિ-વિષયક પગલા લઈને ઉદ્યોગને બચાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ માંગ કરવામાં આવી છે.ગુજરાત સ્ટેટ એડિબલ ઓઈલ્સ એન્ડ ઓઈલસીડઝ એસો.ના પ્રમુખ સમીર શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પાઠવીને એવી રજુઆત કરી છે કે દેશમાં ખાદ્યતેલના વપરાશ જેટલું ઉત્પાદન નથી એટલે આયાત જરુરી છે. પરંતુ જરુરીયાત કરતાં વધુ માત્રામાં આયાત થતી હોવાના કારણે ઘરઆંગણાના તેલ-તેલીબીયા ઉદ્યોગને માર પડી રહ્યો છે. ૨૦૧૪માં ખાદ્યતેલોની આયાત ઘટીને ૧૩૧ લાખ ટન થઈ હતી તે ફરી ૧૬૫ લાખ ટને પહોંચી છે.૨૦૨૨માં રશિયા-યુક્રેન યુધ્ધ વખતે ભાવ સળગતા સરકારે આયાતમાં છૂટછાટો આપી હતી. ત્યારબાદ કિંમતમાં ૫૦ ટકા ઘટાડો થઈ ગયો હોવા છતાં આ છૂટછાટો પાછી લેવામાં આવી નથી પરિણામે બેફામ આયાત થઈ રહી છે.આ સિવાય સરકાર દ્વારા તેલીબીયાનું સમર્થન મૂલ્ય વધારાતું હોવાથી સ્વદેશી ખાદ્યતેલો મોંઘા થઈ રહ્યા છે. આયાતી તેલ સસ્તા છે. એટલે સ્પર્ધામાં પણ મહાત આવી પડે છે. આ ઉપરાંત સોયાખોળની આયાતને કારણે ઘરઆંગણે સોયા-રાયડાખોળનો જંગી ભરાવો છે તેના કારણે ઉદ્યોગોને નુકશાન છે.કેન્દ્ર સરકારે બે વર્ષ અગાઉ ખાદ્યતેલોના પેકેજીંગ યુનિટોને જીએસટી ઈનપુટ ક્રેડિટનો લાભ આપવાનું બંધ કર્યું હતું. તેલ પર પાંચ ટકા ટેક્સ છે જ્યારે પેકિંગ સામગ્રી પર ૧૮ ટકા ટેક્સ લાગે છે. આ કદમથી કાર્યકારી મુડીને મોટો ફટકો પડ્યો છે. ખાદ્યતેલ ઉદ્યોગને અસરકર્તા આવા અનેક કદમથી તેલ-તેલીબીયા ઉદ્યોગ ભાંગી રહ્યો છે.સંખ્યાબંધ યુનિટો બંધ થયા છે. અનેકની ઉત્પાદક્ષમતા અર્ધી થઈ છે. રોજગારી ઘટી રહી છે. ખેડૂતોનો માલ પણ વેચાતો નથી, જ્યારે આયાત નિયંત્રિત કરવા તથા તેલ ઉદ્યોગ માટે પેકેજ જાહેર કરવાનું જરુરી બન્યું છે. ચૂંટણી ઢંઢેરામાં પણ આ મુદ્દો સામેલ કરવાનું સૂચન કર્યું છે.


# ચાલુ બાઈકે કાબૂ ગુમાવી પડી જતા યુવાનનું મૃત્યુ



ઊનાઃ ઊના તાલુકાના ભાચા ગામે રહેતો અયાન અબ્બાસ ભાઈ બ્લોચ યુવાન રાત્રિ ના સમયે પોતાના કબજા વાળું બાઈક નંબર GJ -32 AB- 92ઉપર ઊના થી ભાચા ગામે જતો હતો ત્યારે કંસારી થી ભાચા રોડ ઉપર અચાનક બાઈક ઉપર થી કાબૂ ગુમાવતા બાઈક સાથે રોડ ની સાઈડ મા બાવળ ના ઝાડવા માં પડી જતા માથા ના ભાગે અને શરીર માં ગંભીર ઈજાઓ પહોંચી હતી તેમને તુરંત એમબ્યુંલન્સ મા ઊના સારવાર માટે ખસેડાયા હતા પરંતુ સારવાર મળે તે પહેલા મૃત્યુ થયું હતું. પવિત્ર રમજાન માસ હાલ ચાલી રહ્યો છે ત્યારે યુવાન પુત્ર નું અવસાન થતાં બ્લોચ પરિવાર માં ગમગીની સાથે શોક છવાઈ ગયો છે.

# જસદણનો કાળિયા બ્રિજ આજથી સદંતર બંધ

જસદણઃ જસદણના લાતી પ્લોટને જોડતા બ્રિજ પરથી વાહનોની આવાગમન સદંતર બંધ કરી દેવામાં આવી છે અને વાહનચાલકોને ડાઈવર્ટ રૂટ પરથી જવાનું રહેશે તેવું જાહેરનામું જસદણ પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટએ બહાર પાડી દીધું છે અને આ જાહેરનામાનો ભંગ કરનારા સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.આ પુલ વર્ષો પહેલાં બન્યો હોઈ મરામતની તાતી જરૂર હોવાનો રિપોર્ટ આવ્યા બાદ આ નિર્ણય લેવાયો છે.આ બ્રીજ ઉપર તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ જાહેર જનતાની અવરજવરથી દુર્ઘટના થવાની સંભાવના હોવાથી બ્રીજનું રીપેરીંગ કે નવીનીકરણ ન થાય ત્યાં સુધી બ્રીજ ઉપયોગમાં ન લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.



જસદણમાં જૂના બસ સ્ટેન્ડથી કમરીબાઈ પુલ ઉપરથી પસાર થઈ પુલની જમણી બાજુ શરમાળીયા દાદાના મંદિર સામેના રસ્તા ઉપરથી નગરપાલિકાના ગઢડીયા રોડ પરના પાણીના સંપ પાસેથી નીકળી સન ટોકીઝ પાસેથી લાતી પ્લોટ વિસ્તારમાંથી ગોખલાણા રોડ તરફ અને ગોખલાણા રોડ તરફથી આવતા વાહનો લાતીપ્લોટ પુલ (કાળીયા બ્રિજ) ના પૂર્વ બાજુના ખુણેથી સન ટોકીઝ પાસેથી નગરપાલીકાના ગઢડીયા રોડ પરના પાણીના સંપ પાસેથી નીકળી કમળીબાઈ પુલ તરફ જવાના રસ્તે નીકળશે.

# શ્રી વાઘણીયા પ્રાથમિક શાળા ખાતે ધોરણ આઠનો વિદાય સમારંભ યોજાયો



સાવરકુંડલાઃ શ્રી વાઘણીયા પ્રાથમિક શાળા ખાતે ધોરણ ૮નો વિદાય સમારંભ યોજાયો હતો. બહેનો દ્વારા નાનો એવો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. વિદાય પ્રસંગે ધોરણ આઠના બાળકો દ્વારા અહીં વિતાવેલા આઠ વર્ષ દરમિયાનની જૂની યાદો પોતાના પ્રતિભાવ આપીને તાજી કરી હતી. શાળાના બાળકોએ પોતાની યથાશક્તિ પ્રમાણે શાળાને યાદગીરી રૂપે બે ખુરશીઓ ભેટ આપી હતી. શિક્ષકોએ પણ વિદાય લઈ રહેલા બાળકોને ફાઈલ ,બોલપેન તેમજ દરેક બાળકને ગ્રુપ ફોટો યાદગીરીરૂપે આપ્યા હતા .બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી માર્ગદર્શન આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સરપંચ તથા શાળાના આચાર્ય અને શિક્ષક ગણ દ્વારા પૂરું પાડવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક ભરતભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું .સમાપન વિધિ શાળાના આચાર્ય કોટડિયા વિપુલભાઈ દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટ મનપાના વોર્ડને ચોખ્ખાં ચણાંક રાખનાર ૩૬ સફાઈ કામદારોનું સન્માન

## વોર્ડવાઈઝ બબ્બે શ્રેષ્ઠ સફાઈ કામદારોને આનંદ પટેલના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માન કરાયું

રાજકોટ,

રજોત શહેરને સ્વચ્છ્ રાખવા માટે દિવસ-રાત જહેમત ઉઠાવી રહેલ સફાઈ કર્મચારીઓનો ઉત્સાહ વધે તેમજ નિર્મળ ગુજરાત ૨.૦ તથા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ અનુસંધાને રાજકોટનું પરફોર્મન્સ વધુને વધુ સારું બની રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિસ્તત આયોજન અમલમાં મુકાયેલ છે. જે અંતર્ગત સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના ત્રણેય ઝોનના ૧૮ વોર્ડમાં ફરજ બજાવતા સફાઈ કામદારોને શ્રેષ્ઠ કામગીરી બદલ તા.૦૨ના રોજ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના હસ્તે શ્રેષ્ઠ સફાઈ



કામદારનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

માર્ચ-૨૦૨૪ની સફાઈ કામગીરીને ધ્યામાં રાખીને દરેક વોર્ડમાંથી ૧સ્ત્રી અને ૧ પુરૂષ એમ કુલ-૩૬ સફાઈ કામદારોને તેમની શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ, સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના હસ્તે્ પ્રમાણપત્ર સુપ્રત કરી કામગીરીને બિરદાવવામાં આવી હતી.

આ તકે મ્યુંનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે, સફાઈ કરવાની કામગીરી અઘરી છે છતાં મહાનગરપાલિકાના પરિવાર તરીકે પોતાનું ઘર સમજીને સફાઈ કામગીરી કરી છે.

પોતાના ઘરમાં જેમ સ્વચ્છતા જાળવી છે તેવી જ રીતે મહાનગરપાલિકાના પરિવારના સભ્યિ બની આપણા શહેરની સ્વચ્છતા જાળવી છે. આપ સૌ દ્વારા શહેરમાં કરેલી સફાઈ કામગીરી ધન્યવાદને પાત્ર છે. આપણે સૌ પોતે અન્ય સમાજના આગેવાનોના સાથ અને સહકારથી આપણા રાજકોટને સ્વચ્છીરાખીએ. રાજકોટમાં બહારગામથી આવતા લોકો પણ આપણી સ્વચ્છતાની નોંધ લ્યો છે. આપ સૌ સફાઈ કામદારોની સારી કામગીરી થકી રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી પણ ઉજળી થઈ છે. આપણા થકી અન્ય નાગરિકો અને અન્ય સફાઈ કામદારો પણ પ્રેરણા મેળવે અને આપ સૌએ કરેલી કામગીરી બદલ ફરી એક વાર અભિનંદન પાઠવ્યા હતા.

સફાઈ કામગીરી સન્માન સમારોહમાં મ્યનિસિપલ કમિશનર આનંદ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરે, પર્યાવરણ ઈજનેરનિલેશ પરમાર, એ.એમ.સી. કાથરોટીયા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લામાં વોટર હેલ્પલાઈન ઉપર મળેલી ૫૩ ફરિયાદનો સુખદ નિકાલ

## સી-વિજિલ ઉપર ૩૪ ફરિયાદોઃ એમ.સી.સી. ટોલ ફ્રી પર ૧૪ ફરિયાદો, જિલ્લા સંપર્ક કેન્દ્ર-૧૯૫૦ ટોલ ફ્રી પર પાંચ ફરિયાદો

રાજકોટ ,

રાજકોટ જિલ્લામાં મુક્ત અને ન્યાયી, પારદર્શી વાતાવરણમાં ચૂંટણી યોજવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં વિવિધ કામગીરીઓ ચાલી રહી છે. જેમાં આદર્શ આચારને લગતી ફરિયાદોના નિવારણ માટે તંત્ર ત્રિવિધ રીતે કામગીરી કરી રહ્યું છે. રાજકોટ જિલ્લામાં ૧૬મી માર્ચથી લઈને અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગને લગતી ૫૩ ફરિયાદો આવી છે, જેનો સુખદ નિકાલ કરાયો છે.

રાજકોટ જિલ્લામાં એમ.સી.સી. ફરિયાદ નિવારણ ટોલ ફ્રી નંબર પર ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૦૩, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૦૫, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૦૨, ૭૨-જસદણમાંથી ૦૨, ૭૫-ધોરાજીમાં ૦૧ તથા અન્ય એક મળીને ૧૪ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરી દેવાયો હતો.

જ્યારે જિલ્લા સંપર્ક કેન્દ્ર-૧૯૫૦ હેલ્પલાઈન પર ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૧, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૦૩, ૭૪-જેતપુરમાંથી ૦૧, મળીને પાંચ ફરિયાદો મળી હતી. જેનો સુખદ નિકાલ કરી દેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સી-વિજિલ પર સૌથી વધુ ફરિયાદો મળી છે. જેમાં ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૩, ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૧૦, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૦૩, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૦૬, ૭૨-જસદણમાંથી ૦૧, ૭૩-ગોંડલમાંથી ૧૦, ૭૪-જેતપુરમાંથી ૦૧ મળીને ૩૪ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરવામાં આવ્યો છે.

આમ આ ત્રણેય પ્લેટફોર્મ પર ૧૬ માર્ચથી અત્યાર સુધીમાં કુલ ૫૩ ફરિયાદો મળી હતી. જેમાં સૌથી વધુ ફરિયાદો સી-વિજિલ પર મળી છે. આ તમામ ફરિયાદોનું નિવારણ કરી નાંખવામાં આવ્યું છે.

# વેરાવળમાં ઉપાશ્રયના નૂતનિકરણના ભૂમિ પૂજનનો અવસર ઉજવાયોઃ જૈન અગ્રણીઓની ઉપસ્થિતિ

વેરાવળ,

ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી મહારાજ સાહેબની જન્મભૂમિ એવા વેરાવળ સંઘમાં રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત ઉપાશ્રય નૂતનિકરણનો ભૂમિપૂજન અવસર યોજાયો હતો. જયકાર ગજાવતી શોભાયાત્રામાં અને પૂજ્ય સાધ્વીવૃંદના સાંનિધ્યે મંત્ર જપ સાધના સાથે યોજાયેલા આ અવસરમાં મહાનુભાવો અને બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયાં હતા. આ તકે નમ્રમુનિ એ ત્યાગથી કરેલા કોઈપણ કાર્યની શરૂઆત સહજતાથી તે કાર્યને નિર્વિઘ્નતા સુધી પહોંચાડે છે તેમ જણાવેલ હતું. જેમના પુણ્યવંતા નામે બહોળો સંયમી પરિવાર જિનશાસનની ગરિમાને પ્રસારિત કરી રહ્યો છે એવા ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી મહારાજ સાહેબના જન્મસ્થાન એવા વેરાવળની ભૂમિ પર વેરાવળ સ્થાનકવાસી જૈન સંઘના પાવન આંગણે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી ઉપાશ્રય નૂતનિકરણનો ભૂમિપૂજન અવસર ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં આનંદ, ઉત્સાહ અને ભક્તિભાવે ઉજવાયો હતો. પૂજ્ય શ્રી સુમતિબાઈ મહાસતીજી, પૂજ્ય હસ્મિતાબાઈ મહાસતીજી, પૂજ્ય અજિતાભાઈ મહાસતીજી, પૂજ્ય રશ્મિતાબાઈ મહાસતીજી, પૂજ્ય સુજિતાબાઇ મહાસતીજી, પૂજ્ય અંજીતાબાઈ મહાસતીજી આદિ સાધ્વીવૃંદની પાવન ઉપસ્થિતિમાં રાજકોટ, ગોંડલ, ચોરવાડ, બગસરા, પોરબંદર, ચાવંડ





આદિ અનેક સંઘોના ભાવિકોની ઉપસ્થિતિમાં 'શેઠ શ્રી સોભેચંદ કરસનજી', 'અ.સૌ.હેમાક્ષીબેન રમેશભાઈ શાહ' ઉપાશ્રય નૂતનિકરણનું ભૂમિપૂજન નમસ્કાર મહામંત્રની જપ સાધના સાથે શાસ્ત્રોકત વિધિપૂર્વક કરવામાં આવતા હર્ષ હર્ષ છવાયો હતો. લાઈવના માધ્યમે આ અવસરે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવે આશીર્વચન ફરમાવતા કહ્યું હતું કે, ગુરુ પ્રાણલાલજી મહારાજ સાહેબની જન્મભૂમિ વેરાવળમાં ઉપાશ્રય નૂતનિકરણનું ભૂમિપૂજન થઈ રહ્યું છે ત્યારે અંતર આનંદ અનુભવી રહ્યા છીએ. થોડા જ સમયમાં વેરાવળ ગામમાં પ્રવેશ કરતા એક મહાદ્વારનું સર્જન થઈ રહ્યું છે જેનું નામકરણ થશે, સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણ મહાદ્વાર સ્વરૂપે!! એ સાથે જ પૂજ્ય રશ્મિબાઈ મહાસતીજી, પૂજ્ય સુજિતાબાઈ મહાસતીજી આદિએ પૂજ્ય ગુરુદેવ પ્રાણલાલજી મહારાજ સાહેબના સુસંસ્મરણ સાથે પ્રાસંગિક પ્રવચન આપી ઉપાશ્રય નૂતનની કરણની શુભેચ્છા આપી હતી.

# ગૌ આધારિત કૃષિના દિવસો ફરી શરૂ કરવા ગાય રાખીએ, પ્રાકૃતિક ખેતી કરીએ : ડો.વલ્લભભાઈ કથીરિયા

રાજકોટ,

આપણી સંસ્કૃલતિનો ઉદભવ ગ્રામ્યાજીવનથી થયો છે. આઝાદીના ૭૫ વર્ષો બાદ પણ આપણું અર્થતંત્ર કૃષિ આધારિત જ રહ્યું છે.ભણેલા - ગણેલા યુવાનો અને તેમાંય ખાસ કરીને કૃષિ - ગોપાલનનો અભ્યાસ કરીને જો ગોપાલન અને ગૌ આધારિત કૃષિમાં લાગશે તો આ દેશના ગામડાની શકલ બદલતા વાર નહી લાગે. આપણી ખેતી ગૌપાલન સાથે જોડાયેલી હતી. ખેતી અને ગોપાલન એક રથના બે પૈડા સમાન છે. ગોપાલન દ્વારા શ્રેષ્ઠ ગૌ આધારિત કૃષિના દિવસો પુનઃ શરૂ થઈ ગયા છે.

ગાયને વિશ્વમાતા કહી છે.ગાય સર્વ સુખ પ્રદાન કરનારી છે. ગાય સમાજ વ્યવસ્થા નું એક અગત્યસનું અવિભાજય અંગ છે. દરેક ખેડૂત બે ગાય અને બે બળદ



તો પાળીજ શકે. એના ગોમુત્ર અને ગોબરમાંથી પોતાને જરૂરી એટલા બાયો પેસ્ટીસાઈડ (જંતુનાશક દવા) અને બાયો ફર્ટીલાઈઝર (સેન્દ્રીય ખાતર) બનાવી ચોકકસ પ્રકારના પાક દ્વારા સમૃધ્ધક બની શકે. જરૂર છે 'ઈચ્છાફ શક્તિ(' ની.

ઓર્ગેનિક એટલે કે જે ખોરાકમાં હાનિકારક જંતુનાશકો - પેસ્ટીસાઈડ્ઝ, રાસાયણિક ખાતર, ફર્ટિલાઈઝર કે જેનેટિકલી મોડીફાઈડ બિયારણનો ઉપયોગ ન થયો હોય તેવા અનાજ - શાકભાજી -ફળફળાદી હોય તેને 'ઓર્ગેનિક' ખોરાક ની વ્યાયખ્યાન માં મૂકી શકાય. 'એક કુટુંબ દીઠ એક ગાય' નામના 'ગ્રીનીકા' પ્રોગ્રામ હેઠળ, આફ્રિકાના રવાન્ડ દેશે ખેતીની અને ગ્રામ્યન વિસ્તાનની રોનક બદલી નાંખી છે. 'વન મેન, વન કાઉ, વન પ્લેનેટ'. ન્યુ?ઝીલેન્ડીના એગ્રો સાયન્ટીસ્ટ પીટર પ્રોકટરે ઉપરોકત પ્રયોગ દવારા સમગ્ર વિશ્વનું ધ્યા'ન આકર્ષિત કર્યુ છે. ગાય મનુષ્યે, જીવસૃષ્ટિ, પર્યાવરણ અને પૃથ્વીને તેની બહુવિધ ઉપયોગીતા દ્વારા બચાવી શકે છે, તે વાત હવે નિર્વિવાદ સત્યન સાબિત થઈ ચૂકી છે.ગાયના ઉત્પારદનો એટલે કે પંચગવ્ય ગાયનું દૂધ, દહીં, ઘી, ગૌમુત્ર અને ગોબર તેમજ ગૌરસ અને ખુદ ગૌમાતા ના શરીર નો મહિમા અપાર છે.આ ઉપરાંત ૨૦૦ મીલીયન ગૌવંશ દ્વારા ૫૦ મીલીયન ટન ખાતર દર વર્ષે પેદા કરી શકાય. જે દ્વારા ભારતની ૧૩૫ મીલીયન હેકટર જમીનને વર્ષમાં બે વખત ખાતર પૂરુ પાડી ફળદ્રુપ રાખી શકાય. આજના જાયન્ટે ફટીલાઈઝર પ્લાનન્ટમાં વપરાતા 'ઓઈલ' બચત થાય તે નફામાંઓર્ગેનિક ફાર્મિંગ, બાયો ફર્ટિલાઈઝર અને બાયોગેસ માટેની પોલિસી બની છે. ઓર્ગેનિક સર્ટિફિકેશન, 'ફાર્મસ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશન' બાયોફર્ટીલાઈઝર,ઓર્ગેનિક માર્કેટ વગેરે માટે અલગ અલગ વિભાગો કાર્યરત છે. કૃષિ- ગૌ ઉધોગો દ્વારા ગ્રામ વિકાસ થશે. ઓર્ગેનિક પેદાશોને કારણે લોકોનું આરોગ્યગ સુધરશે. દેશ સ્વાસ્થ- બનશે. પર્યાવરણ રક્ષા થશે. આમ જોતાં એકંદરે ગાય અને સંપૂર્ણ ગૌવંશ મનુષ્ય , પ્રાણી અને વનસ્પસતિ સૃષ્ટિ નો આધાર સ્તોભ છે. તો ચાલો આપણે ગૌ આધારીત કૃષિ અને ગૌ ઉત્પાંદનો દ્વારા ગૌ સંસ્કૃતિની પુનઃસ્થાપના માં યોગદાન આપીએ.

# રાજકોટ ભક્તિનગર પોલીસ મથકમાં સરપ્રાઈઝ મુલાકાત લેતા પોલીસ કમિશ્નર

## એડી. પોલીસ કમિશ્નર વિધિ ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી.વી.જાધવ ઉપસ્થિત રહ્યા

રાજકોટ.

રાજકોટ શહેરના ભકિતનગર પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવની અધ્યક્ષતામાં રોલ કોલનું આયોજન કરવામાં આવેલ જેમાં અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી,ડીસીપી ઝોન-૧ સજ્જનસિંહ પરમાર,એસીપી બી.વી.જાધવ સહિત ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ.સરવૈયા સહિતનો સ્ટાફ હાજર રહેલ હતા.

રોલકોલ દરમિયાન સીનીયર અધિકારીઓ પોલીસ મથકના અધિકારી-કર્મચારીઓએ દિવસ દરમ્યાન કરેલ કામગીરી તેમજ બીજા દિવસે કરવામાં આવનાર કામગીરીના આયોજન બાબતે સમીક્ષા કરવામાં આવેલ તેમજ આગામી લોકસભા ચુંટણીના અનુસંધાને આદર્શ આંચાર સહીંતા



અમલમાં હોય ત્યારે મતદાનની પ્રક્રીયા શાંતીપુર્ણ રીતે યોજાય તેમજ આગામી ચુંટણીની સંવેદનશીલતાને લક્ષ્યમાં રાખી આદર્શ ફરજ બજાવવા લાલચ, લોભ, પક્ષપાત કર્યા વગર શાંતિપુર્ણ માહોલમાં ચુંટણી યોજાય તે અર્થે ફરજ બજાવવા પોલીસ અધિકારી-કર્મચારીઓને સુચના તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આચારસંહિતા અને ચૂંટણી દરમિયાન કોઈ પક્ષપાત વગર યોજાય તેમજ બુટલેગરો પર દરોડા પાડવા, મહિલા અત્યાચાર, શાળાઓની આજુબાજુમાં આવારા તત્વો ઉપર નજર રાખવી સહિતના સૂચન કરેલ તમામ પોલીસ કર્મચારીઓ ટ્રાફીકના નીયમોનુ ચુસ્ત પાલન કરે, પોલીસ સ્ટેશન આવતા અરજદારોને સારી રીતે સાંભળી તેના પશ્નોનો કાયદાકીય જોગાવઈઓ મુજબ નિષ્પક્ષપણે ઉકેલ લાવવા પ્રજાલક્ષી કામગીરી કરવા તેમજ પોલીસ સ્ટેશનોમાં સાફ સફાઇ રાખવા તેમજ અધિકારી-કર્મચારીઓએ ફરજ સારી રીતે બજાવવા માટે પોતાના સ્વાસ્થય બાબતે જાગૃત થઈ શારીરીક પ્રવૃતિઓ જેવી કે વોકીંગ, જોગીંગ, રનીંગ, યોગા, પ્રણાયમ કે કોઈ રમતો રમવા પ્રેરણા લેવી તેમજ સ્ટાફના પોલીસ કર્મીને કોઇ રજુઆત કે પ્રશ્નો હોય તો રજુ કરવા જણાવેલ હતું. પોલીસ કમિશ્નર દ્વારા સુચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું.

# રાજકોટ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં "મતદાન જાગૃતિ અભિયાન" યોજાયા

## બાળકોએ "અવસર લોકશાહીનો" લખાણના ટી-શર્ટ પહેરી રેલી યોજી

રાજકોટ,

દેશના ખાસ તહેવારમાં લોકસમૂહ વધુને વધુ ભાગીદારી નોંધાવે તે માટે ભારતભરમાં વિવિધ જગ્યાઓ પર મતદાન જાગૃતિ અભિયાનની પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લાના પડધરી, જસદણ, વિંછીયા, કોટડાસાંગાણી અને શહેરના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે પડધરી તાલુકાના ખોડપીપર અને ખોખરી ગામે બાળ વિકાસ યોજના અધિકારીશ્રી અને મુખ્ય સેવિકાશ્રીએ મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. ૭૨-જસદણ વિધાનસભા મતવિસ્તારમાં જસદણના સાણથલી ગામ ખાતે જસદણના પ્રાંત અધિકારીશ્રી અને મામલતદારશ્રી માર્ગદર્શન હેઠળ પરા વિસ્તારની વાજસુરપરા



કુમાર શાળા અને કન્યા શાળાના જરૂરિયાતમંદ બાળકોને મતદાર જાગૃતિ માટેના ટી-શર્ટ પહેરીને બાળકો સાથે મતદાર જાગૃતિ રેલીનું આયોજન કર્યું હતુ. આ રેલીમાં બાળકોએ મતદાન કરવા અંગેના નારાઓ લગાવ્યા હતા. જેમાં બજારમાં અને રહેણાંક વિસ્તારમાં લોકોને મતદાનમાં ભાગ લેવા અપીલ કરી હતી. કોટડાસાંગાણી તાલુકાના અનિડાવાછડા તાલુકાશાળામાં "ચુનાવ પાઠશાળા" અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. વિંછીયા અને જસદણના મામલતદારશ્રીની ઉપસ્થિતિમાં શ્રી ઘેલા સોમનાથ મંદિર ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં લોકોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી તથા શપથ ગ્રહણ કરાવ્યા હતા. રાજકોટ જિલ્લના કોટડાસાંગાણી તાલુકાના નારણકા ગામની પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. રાજકોટ શહેરમાં મવડી ચોકડી, એસ્ટ્રોન ચોક સહિતના વિવિધ વિસ્તારોમાં ડિસ્પ્લે સ્ક્રીન તૈયાર કરી મતદાતા જાગૃતિ સંદેશ આપવામાં આવ્યો હતો.

# જુનાગઢમાં બે સ્થળે સાર્વજનિક છાસ વિતરણનો શુભારંભ

જુનાગઢ,

જુનાગઢના સુખનાથ ચોક જગમાલ ચોકમાં ૮૮ વર્ષથી દર ઉનાળામાં સાર્વજનીક છાસ વિતરણ ચાલે છે. જેનો ગઈકાલે પ્રારંભ થવા પામ્યો છે. સાર્વજનીક છાસ વિતરણ કેન્દ્રના પ્રમુખ હીતેષભાઈ સંઘવીના જણાવ્યા મુજબ ઉનાળામાં અઢી માસ સુધી આશરે ૩૫૦થી વધુ પરીવારોને કુપન આપી છાસ વિતરણ કરવામાં આવે છે. ગઈકાલે નિતાબેન ગાંધીના હસ્તે છાસ વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. નિતાબેન દર વર્ષે છાસ વિતરણ માટે રૂા.૨૧ હજાર આપે છે એક દિવસનો ખર્ચ ૨૧૦૦નો થાય છે. ૮૮ વર્ષ પહેલા સુખનાથ ચોકમાં સંઘવી પરિવાર દ્વારા વડીલોએ શરૂ કર્યુ હતું આજે ચોથી પેઢીએ આ સત્કાર્ય ચાલુ રાખ્યું છે. સુખનાથ ચોકમાં ૭૮ વર્ષની ઉંમરે પણ સુરેશભાઈ સંઘવી, નિશાંતભાઈ દોશી, સંચાલન સાથે સેવા આપી રહ્યા છે. તેમજ જગમાલ ચોકમાં હીતેષભાઈ સંઘવી, તેજસભાઈ પારેખ અને હર્ષાબેન પારેખ સેવા બજાવી રહ્યા છે.

**CHANG OF NAME**

"I have undersigned that I have changed my name from CHAU URMILABEN VALJIBHAI to **PANDYA URMILA JAYMIN** Now I will be known by new name **PANDYA URMILA JAYMIN**

# રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારમાં ઓછું મતદાન ધરાવતા વિવિધ ગામોમાં મતદાતા જાગૃતિ કાર્યક્રમો યોજાયા

રાજકોટ,

'કોઈ મતદાર છૂટે નહિ' સુત્રને સાર્થક કરવા અને સર્વસમાવેશી મતદાન થાય તે માટે સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મૂછારનાં નેતૃત્વ હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો જાગ્રત થઈને અચૂક મતદાન કરે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લોકસભા ચુંટણી ૨૦૨૪ને અનુસંધાને ૭૧ – રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતદાર વિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી વિમલ ચક્રવર્તીનાં માર્ગદર્શન અનુસાર ૭૧-રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારના પુરૂષ મતદારો અને સ્ત્રી મતદારોના મતદાનમાં ૧૦% થી વધારે તફાવતવાળા મતદાનમથકોમાં સુધારો થાય તે માટે મતદાતા જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતાં. કોટડાસાંગાણી તાલુકાના અનીડા, સતાપર તેમજ આ જ મતવિસ્તારના વાછરા અને શાપર ગામોમાં પુરૂષ-સ્ત્રી મતદારોના મતદાનમાં વધુ તફાવતવાળા મતદાન મથકના બી.એલ.ઓ. તથા તે વિભાગનાં સુપરવાઈઝરશ્રીઓનાં સંકલન અને ઉપસ્થિતિમાં મતદાર જાગૃતિના કાર્યક્રમ અંતર્ગત મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા. પુરુષ મતદારોને પણ પોતાના પરિવારના મહિલા સભ્ય ખાસ મતદાન કરે તે જોવા માટે જાગ્રત કરવામાં આવ્યા હતા. કપાળ પર બિંદીની જેમ મતદાનનું આંગળી પરનું શાહીનું નિશાન પણ સ્ત્રીની શોભા છે તેવા અભિગમથી મહિલા મતદારોની ભાગીદારી વધે તે માટે વહીવટીતંત્ર દ્વારા સરાહનીય પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ચૂંટણીનો મેદાને જંગ

જેમ જેમ ચૂંટણીની તારીખ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય પક્ષોની સક્રિયતા વધતી જાય છે બીજી બાજુ આમ આદમી ના મુખ્ય નેતાઓ જેમના સળિયા પાછળ છે. કોંગ્રેસીઓ પ્રચાર કરે છે કે અમારા બેંક ખાતા સરકારે ફ્રીજ કર્યા છે આથી ચૂંટણી લડવાનું બજેટ અમારી પાસે નથી.

બીજી બાજુ કોંગ્રેસને પક્ષમાંથી ઉમેદવારો શોધવામાં તકલીફ પડી રહી છે. વિવિધ રાજ્યોમાં તેના અનેક નેતાઓએ ચૂંટણી લડવાનો ઇનકાર કરી દીધો છે. આવા ઇનકારથી મોવડી મંડળ નારાજ છે. કોઈપણ વ્યક્તિ હારી જવા માટે ચૂંટણીમાં શા માટે ઉભો રહે? ભાંગલા ગાડા ઉપર કોણ બેસે? સૌ ઉગતા સુરતને પૂજે છે આથી તેઓ ભાજપમાં જોડાવા માટે લાઈન લગાવીને ઊભા રહી જાય છે. કોંગ્રેસ છોડીને જઈ રહેલા નેતાઓને કોંગ્રેસ અટકાવી શકતી નથી. બીજી તરફ કોંગ્રેસે ઈન્કમટેક્સ વિભાગ દ્વારા પોતાના બેન્કના ખાતાઓ ફ્રિઝ કરવામાં આવ્યા હોવાનું જણાવીને પક્ષની આર્થિક સ્થિતિ ચૂંટણી લડવા લાયક નથી તેવું જાહેર કર્યું છે. જોકે ઇન્કમટેક્સ વિભાગની સ્પષ્ટતા એવી છે કે તેમણે કોંગ્રેસના કોઈ ખાતા ફ્રિઝ કર્યા નથી, બલકે ઇન્કમ ટેક્સ વિભાગની લેણી નીકળતી રકમ દિલ્હીમાં કોંગ્રેસના કેટલાંક ખાતાંઓમાંથી વસૂલ કરી છે. ઇન્કમ ટેક્સ વિભાગે તો એવું પણ કહ્યું છે કે કોંગ્રેસ સમૃદ્ધ છે અને ગયા વર્ષે કોંગ્રેસે એક હજાર કરોડની સંપત્તિ જાહેર કરી હતી. આ સ્થિતિમાં ભારતની જનતા જાણે છે કે કોંગ્રેસના નેતાઓ ખોટું બોલી રહ્યા છે તેની પાસે કરોડો રૂપિયાની સંપત્તિ છે પરંતુ લોકોને સહાનુભતી જીતવા માટે આ બધા ખેલ કરે છે આમાં સાચું કોણ એ નક્કી કરવાનું રહે છે. ચૂંટણીની પ્રક્રિયા આગળ વધી રહી છે અને કોંગ્રેસ આવા રોદણા રડતી રહેશે તો સરવાળે તેની પ્રતિષ્ઠાને જ હાનિ થવાની છે.

બીજી બાજુ જ્યાં બીજેપીને પહેલાં કરતાં વધુ સીટ નથી મળવાની અથવા મોદીનો વેવ નથી જ ચાલવાનો ત્યાં કોંગ્રેસને લાભ થશે તેવું નથી. પશ્ચિમ બંગાળ હોય કે પંજાબ અને દિલ્હી, કોંગ્રેસ માટે ચાર ચૂંટણી જીતવી અત્ત મુશ્કેલ કાર્ય છે

ભારત જેવા અનન્ય લોકશાહી દેશમાં સાત દસકા રાજ કરનાર રાજકીય પક્ષની આ હાલત થાય એ ઘણી રીતે આશ્ચર્ય અને દુઃખની બાબત છે. જોકે યુપીએ-૨ પછી મોદીને પોલિટિક્સનું સેન્ટર સ્લોલી પણ ફર્મલી બનાવવામાં કોંગ્રેસનો અને તેને માનસિક રોગીની જેમ ખોટું અને ખરાબ પીઠબળ આપનાર અંગ્રેજી ડાબેરીઓનો ફાળો મોટો છે. વર્તમાનમાં સ્થિતિ એ છે કે દેશના બહુમતી મતદારમાં કે બહુમતી વિસ્તારમાં રાજકારણની વાત કોંગ્રેસ આસપાસ નથી થતી.આપણે જોઈએ છીએ કે રાજકારણની ચર્ચામાં સેન્ટર પર કોંગ્રેસ કે રાહુલ અને પ્રિયંકાનું નામ બોલાતું જ નથી. આ બાબતમાં કોંગ્રેસના કાર્યકરોની અને નેતાઓને પણ વિશ્વાસ નથી. કે આ વખતે જીતી જશું.

સોશિયલ મીડિયા પર પ્રો-રાહુલ કે પ્રો-કોંગ્રેસ પ્રકારની વાતમાં કાયમ ટેકો આપનારાની સંખ્યા અને નામ સૌ જાણતા હોય છે. બહુધા લોકો મોદીની આસપાસના રાજકારણથી ટેવાઈ ગયા છે. મોદીટિક્સ ચાલે છે કે મોદીકારણ ચાલે છે. ભક્ત શબ્દનો દુરુપયોગ કરી કરી પાકિસ્તાન અને ચીન તરફી લોકો આતંકવાદ અને બોમ્બ-ધડાકાને પ્રત્યક્ષ કે પરોક્ષ ટેકો આપતા રહ્યા. એમને એ ભાન જ ના રહ્યું કે ૨૦૦૨ ગયે એકવીસ-બાવીસ વર્ષ ઉપર થઈ ગયું. સ્થિતિ એ આવી ગઈ છે કે કોંગ્રેસની સરકાર બનશે કે નહીં? એ પ્રશ્ન બહુમતીને તદ્દન વાહિયાત લાગે છે.

# આપણે આટલા બધા કાચા કાનના કેમ ?

**વીંસેન્ટ ગોગે તેની પ્રેમિકાને પોતાનો કાન કાપીને ભેટ ધર્યો હતો.કારણ કે તેની પ્રેમિકાએ તેના કાનના સૌંદર્યના વખાણ કર્યા હતા**

**લક્ષ્મણ પાસે સુર્પણખા પોતાના આગવા સૌંદર્યને લઈને ગઈ હતી ત્યારે તેના નાક કાન કાપીને તેના હાથમાં પકડાવી દીધેલા**

**નાક આબરુનું પ્રતીક છે પણ કાન હંમેશા સાઈડમાં જ રહી ગયો છે એક તો સાઈડમાં, એમાં પણ બે આપ્યા છે પણ લોકોને વન વે કે ટુ વે ની સમજ નથી કામ થઈ ગયું એટલે પત્યું એમ જ માને છે**

અન્વેષણ - C.A. પરેશ ભટ્ટ

ભગવાને આપણને આપ્યા છે બે કાન પણ આપણે સાંભળીએ છીએ એક જ કાને કદાચ એટલે જ એક કાને સાંભળનારને કાચા કાનનો કહે છે અથવા તો એક જ કાને સાંભળીને બીજા કાને કાઢી નાખો. આથી આપણા સંબંધો હંમેશા બીજા માટે શંકાસ્પદ થઈ જાય છે બહેનોમાં સામાન્ય રીતે એવું બનતું હોય છે કે લગ્ન પ્રસંગે કે મરણ પ્રસંગે તેઓ ભેગા મળે ત્યારે પપ્પ્હુની સ્પીડે ડેટા ટ્રાન્સફર થતો હોય છે. આ સમયે હંમેશા એક કાન નથી જ શ્રવણ કાર્ય થતું હોય છે પરિણામે આપણી ધારણાઓ પણ એક પક્ષી જ હોય છે કારણ કે આપણે હંમેશા એક જ પક્ષની વાત સાંભળી હોય છે અને તેની માટે અનુમાનો અને નિર્ણયો કરી લેતા હોઈએ છીએ. એમ કહેવાય ને કે બીજા ની કૂટપટ્ટી એ ત્રીજી વ્યક્તિને આપણે માપવા નીકળ્યા છીએ, પરિણામે આપણને બીજાઓ માટે સાચી વાતની ખબર જ નથી પડતી. આપણે તો કહેનાર વ્યક્તિએ કહ્યું તે જ સાંભળી લેતા હોઈએ છીએ અને બીજા માટે અનુમાન કરી અને ધારી લેતા હોઈએ છીએ કે આ વ્યક્તિ આવી હશે કે આવો હશે. પરંતુ હકીકત તેનાથી જુદી પણ હોઈ શકે છે પણ એ ખરાઈ કરવા ક્યારેય ટેવાયેલા નથી પરિણામે ખરી વાતની ખબર પણ પડતી નથી ભગવાને બે કાન આપ્યા છે, તો એક કાન જે વ્યક્તિ બીજાના માટે કહી રહ્યો છે તેને સાંભળીને જ આપણે બીજી વ્યક્તિનું અનુમાન કરી દઈએ છીએ. પરંતુ બીજા કાનથી જે બીજી વ્યક્તિ છે તેને પણ આપણે સાંભળવાનો પ્રયત્ન કરવો જોઈએ. બંને પક્ષને સાંભળ્યા બાદ જ આપણે અનુમાન કરવું જોઈએ. કોઈ એક વ્યક્તિની વાત સાંભળી અને ધારણાઓ બાંધી લઈએ છીએ જેને કારણે આપણા સંબંધોમાં ખૂબ મોટી ગેરસમજ ઊભી થતી હોય છે. જો બંને પક્ષને સાંભળ્યા પછી નિર્ણય લેવાતો હોય તો આપણા ૯૦ ટકા સંબંધો માં સુમેળ જળવાઈ રહે.

હમણાં મારે ઘરે રીપેરીંગ કામ ચાલતું હતું.એક એજન્સીને એક કામ સોંપેલું પણ તેણે સાવ વેઠ ઉતાર્યા જેવુ જ કામ કર્યું. આથી મેં તેને જણાવ્યું કે આ કામ સરખું કરી નાખો નહિતર મારે બીજા પાસે કરાવવું પડશે અને જે ખર્ચ થશે એ તમારા હિસાબ માંથી કપાશે. આમ છતાં એમણે કઈ જ ધ્યાન ન આપ્યું. અમુક કામ એવા હોય કે જેમાં ખર્ચ થયા પછી એ પૈસા નકામા જ જાય.એ પરત ન આવે તમે ફરી કરાવો તો બીજો ખર્ચ થાય. આમ બીજા કારીગર પાસે કામ કરાવ્યુ. ખૂબ હેરાન થયા, અધૂરું કામ બીજા પાસે કરાવવું એટલે પારાવાર મુશ્કેલી. પછી જે કારીગર અધૂરું કામ છોડીને ગયેલો કે જેની કમાણી એક ગ્રેજયુએટને હોય તેના કરતાં ડબલ , એ હિસાબ કરવા આવ્યો એટલે મેં કહ્યું કે તે આટલું નુકશાન કર્યું છે અને બીજા કારીગરને જે મજૂરી ચૂકવવી પડી એ તારા હિસાબ માંથી કપાશે. એટલે તેણે રોદણાં રોવાના શરૂ કર્યા. બીજા એક બે જાણીતી વ્યકતીને વાત કરી. આમાના એક ભાઈ મારી પાસે આવ્યા મને કહે ભલા માણસ આવા નાના માણસના પૈસા તમે ન આપ્યા ? મેં કહ્યું કે તમે કેમ અનુમાન કરો છો કે મેં પૈસા નથી આપ્યા ? મને કહે તેણે મને કહ્યું એટલે ! મેં કહ્યું તમે એમને સાંભળીને નિર્ણય લીધો પરંતુ પહેલા મને પુછાય કે શું તકલીફ થયેલી. બન્નેની વાત સાંભળીને નિર્ણય લેવાય. તમે મને પૂછ્યું કે મેં ક્યાં કામના પૈસા નથી આપ્યા ? શું કામ નથી આપ્યા ? પછી મેં એમને પ્રેક્ટિકલ દેખાડ્યું કે જુવો આવું કામ બગાડ્યું છે, આ કામ એમણે કર્યું જ નથી જેના એ પૈસા માગે છે. હવે તમે કહો કે તમે હો તો શું કરો ? મને કહે તમારી વાત સાચી છે. તેણે કામ કર્યું જ નથી તો પૈસા માગવાનો અધિકાર જ નથી. સારું થયું આ ચોખવટ થઈ નહિતર તો તમારા માટે ગેરસમજ જ રહેત. મોટા ભાગે આપણે ત્યાં આવું જ બનતું હોય છે કે એક પક્ષને સાંભળીને બીજા પક્ષ વિશે નિણર્ય લઈ લેતા હોઈએ છીએ. જોકે આવું મહાભારત કાળથી ચાલ્યું આવે છે. એટલે તો દુર્યોધનના પક્ષે ૧૧ અક્ષોહ્યણી સૈન્ય હતું અને પાંડવોને પક્ષે ૭ અક્ષોહ્યણી સૈન્ય હતું.

# ED આટલી શક્તિશાળી કેવી રીતે બની અને શા માટે વિપક્ષના નેતાઓ ED અંગે આટલા ચિંતિત રહે છે?

**૧૮ વર્ષમાં ૧૪૭ અગ્રણી નેતાઓ EDના સકંજામાં છે, જેમાંથી ૮૫% વિપક્ષના નેતાઓ છે**

કરંટ ટોપિક

કેજરીવાલની ધરપકડ કરનાર ઈડ્ડ ની કહાની જાણીએ. આઝાદી પછીના વર્ષોમાં વિદેશમાં કાર્યરત સ્ટોક એક્સચેન્જોમાં લેવડ-દેવડ કરતા લોકોની તપાસ કરવાની જરૂરિયાત અનુભવાઈ હતી. આ માટે, દેશની આઝાદીના સમયથી એક કાયદો હતો, ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ એટલે કે હ્વઈઇછ ૧૯૪૭. ૧૯૫૬માં દેશમાં જવાહરલાલ નેહરુની સરકાર હતી. આ દરમિયાન, આર્થિક બાબતોના વિભાગે એક અલગ યુનિટ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો.આ યુનિટનું નામ હતું- એન્ફોર્સમેન્ટ યુનિટ અને આ યુનિટ એક વર્ષ પછી ૧૯૫૭માં શરૂ કરવામાં આવ્યું હતું.

તેની ઓફિસ દિલ્હીમાં ખોલવામાં આવી હતી અને એક કાનૂની સેવા અધિકારીને તેના વડા બનાવવામાં આવ્યા હતા. તેઓ આ યુનિટના ડિરેક્ટર હતા. આ પછી આરબીઆઈના અન્ય એક અધિકારીને આ ડિરેક્ટરના આસિસ્ટન્ટ બનાવવામાં આવ્યા હતા.આ ઉપરાંત ૩ ઇન્સ્પેક્ટર રેન્કના પોલીસ અધિકારીઓનો પણ આ યુનિટમાં સમાવેશ કરવામાં આવ્યા હતા.એન્ફોર્સમેન્ટ યુનિટની ત્રણ શાખાઓ બોમ્બે, મદ્રાસ અને કલકત્તામાં પણ ખોલવામાં આવી હતી, કારણ કે આ ત્રણ શહેરોમાં સ્ટોક એક્સચેન્જો હતા.આ પછી, આ સંગઠનનું નામ એન્ફોર્સમેન્ટ યુનિટને બદલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ઈડ્ડ કરી દેવામાં આવ્યું.

વર્ષ ૧૯૬૦માં ઈડ્ડના વહીવટી નિયંત્રણને આર્થિક બાબતોના વિભાગમાંથી મહેસૂલ વિભાગને આપવામાં આવ્યું હતું.થોડા સમય પછી, ૧૯૪૭નો 'ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ' રદ કરવામાં આવ્યો અને ૧૯૭૩ના નવા ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન એક્ટ લાવવામાં આવ્યો.એટલે કે FERA ૧૯૪૭ની જગ્યાએ FERA ૧૯૭૩ આવ્યો.અને EDએ આ નવા કાયદા હેઠળ કામ કરવાનું શરૂ કર્યું. ૧૯૭૩ થી ૧૯૭૭ સુધી, ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મ્સનું ઈડ્ડ પર વહીવટી નિયંત્રણ હતું.

ઈડ્ડ ઘણા મોટા હાઈપ્રોફાઈલ લોકો સાથે સંબંધિત કેસ હેન્ડલ કરે છે.ઉદાહરણ તરીકે, EDએ મહારાણી ગાયત્રી દેવી, જયલલિતા, હેમા માલિની, વિજય માલ્યા, રિલાયન્સના હરીફ ઓર્કે ગ્રૂપ અને BCCL ચેરમેન અશોક જૈનને લગતા કેસોમાં FERA કાયદાના ઉલ્લંઘનના આરોપોની તપાસ કરી.અને FERA હેઠળ, ઈડ્ડને વોરંટ વિના વ્યક્તિની ધરપકડ કરવાનો અથવા તેની ઓફિસમાં પ્રવેશવાનો અધિકાર હતો. ત્યારે ઈડ્ડ પર થર્ડ ડિગ્રી ટોર્ચરના પણ આરોપો લાગ્યા હતા. ૯૦ના દાયકા સુધી ઈડ્ડનો મોટાભાગનો ડર ઉદ્યોગપતિઓમાં જ રહેતો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૦૦માં હ્વઈઇછ ખૂબ કડક હોવાને કારણે તેને રદ કરવામાં આવ્યો હતો.તેના સ્થાને હ્વઈસ્છ એક્ટ હેઠળ વિદેશી વિનિમય સંબંધિત ગુનાઓને નાગરિક અપરાધોમાં બદલવામાં આવ્યો.

આ કારણે હવે ED લોકોની ધરપકડ કરી શકશે નહીં અને તેમને કસ્ટડીમાં રાખી શકશે નહીં.વર્ષ ૨૦૦૨માં અટલ બિહારી વાજપેયી કેન્દ્રમાં સત્તા પર હતા.આ દરમિયાન સંસદમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ એટલે કે PMLA રજૂ કરવામાં આવ્યો હતો.અને ૨૦૦૪માં કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ ગઠબંધનની સરકાર બની હતી.૧ જુલાઈ, ૨૦૦૫ના રોજ યુપીએ સરકારે અટલ સરકારના સમયમાં બનેલા પીએમએલએ કાયદાને લાગુ કર્યો હતો.પછી યુપીએ સરકારે પોતે ૨૦૧૨માં PMLA (સુધારા) કાયદો લાવીને તેના હેઠળ આવરી લેવામાં આવતા ગુનાઓનો વ્યાપ વધાર્યો.તેમાં નાણાં છુપાવવા, સંપાદન કરવું અને ગુનાહિત પ્રવૃત્તિઓમાં નાણાંનો ઉપયોગ સામેલ છે. આ સુધારાને કારણે EDને કેટલાક વધુ વિશેષાધિકારો મળ્યા છે.જેમાં EDને રાજકીય કૌભાંડો પર કાર્યવાહી કરવાનો અધિકાર પણ મળ્યો.

EDના હાથમાં કેસ ક્યારે જાય છે.તો જ્યારે કોઈ પોલીસ સ્ટેશનમાં ખોટી રીતે ૧ કરોડ રૂપિયા કે તેથી વધુ કમાણીનો કેસ નોંધાય છે, ત્યારે પોલીસ આ માહિતી ઈડ્ડને આપે છે.આ સિવાય, જો આવો કોઈ મામલો EDના ધ્યાનમાં આવે છે, તો તે પોતે જ પોલીસ સ્ટેશનમાંથી FIR અથવા ચાર્જશીટની નકલ માંગી શકે છે.અને આ પછી ઈડ્ડ નક્કી કરે છે કે મામલો મની લોન્ડરિંગનો છે કે નહીં.

ED પાસે CBI અને NIA કરતાં વધુ સત્તા છે.દિલ્હી પોલીસ સ્પેશિયલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ ૧૯૪૬ હેઠળ રચાયેલી CBIને કોઈપણ રાજ્યમાં પ્રવેશવા માટે રાજ્ય સરકારની મંજુરી જરૂરી છે.અને જો કોર્ટના આદેશ પર તપાસ થઈ રહી હોય તો CBI ગમે ત્યાં જઈ શકે છે.પૂછપરછ અને ધરપકડ પણ કરી શકે છે.ભ્રષ્ટાચારના મામલામાં અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માટે CBIએ તેમના વિભાગની મંજુરી પણ લેવી પડે છે.એ જ રીતે, રાષ્ટ્રીય તપાસ એજન્સી એટલે કે NIA ને કાયદેસરની સત્તા NIA એક્ટ ૨૦૦૮થી મળે છે. NIA સમગ્ર દેશમાં કામ કરી શકે છે, પરંતુ તેનો કાર્યક્ષેત્ર માત્ર આતંકવાદ સંબંધિત કેસ પૂરતો મર્યાદિત છે. અને આ બેથી વિપરીત, EDએ કેન્દ્ર સરકારની એકમાત્ર તપાસ એજન્સી છે, જેને મની લોન્ડરિંગના કેસમાં રાજકારણીઓ અને અધિકારીઓને સમન્સ મોકલવા અથવા તેમની સામે કાર્યવાહી કરવા માટે સરકારની મંજુરીની જરૂર નથી.

ઇડી દરોડા પાડીને પ્રોપર્ટી પણ જપ્ત કરી શકે છે. જો કે, જો મિલકત વપરાશમાં હોય, જેમ કે ઘર અથવા હોટલ, તો તેને ખાલી કરી શકાતી નથી.મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ED દ્વારા ધરપકડ કરાયેલ વ્યક્તિ માટે જામીન મેળવવા ખૂબ મુશ્કેલ છે. આ કાયદા હેઠળ, કોર્ટ તપાસ અધિકારીને આપેલા નિવેદનને પુરાવા તરીકે માને છે, જ્યારે અન્ય કાયદા હેઠળ આવા નિવેદનની કોર્ટમાં કોઈ કિંમત હોતી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૮ વર્ષમાં ૧૪૭ અગ્રણી નેતાઓ ઈડ્ડના સકંજામાં છે, જેમાંથી ૮૫% વિપક્ષના નેતાઓ છે.વર્ષ ૨૦૨૨માં ખાનગી સમાચાર પત્રએ તેના એક અહેવાલમાં જણાવ્યું હતું કે EDએ છેલ્લા ૧૮ વર્ષમાં ૧૪૭ અગ્રણી રાજકારણીઓની તપાસ કરી છે. આમાંથી ૮૫% વિપક્ષના નેતાઓ હતા.

# હીરા ઉદ્યોગમાં હવે મુંબઈની નહીં સુરતની બોલબાલા



**સુરત ડાયમંડ બુર્સ એ બિન નફાકારક સંસ્થા છે, જે સુરત ડાયમંડ બોર્સ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે કંપની, એક્ટ, ૨૦૧૩ની કલમ ૮ હેઠળ નોંધાયેલ અને સુરત, ગુજરાત ખાતે ડાયમંડ બુર્સની સ્થાપના અને પ્રમોશન માટે બનાવવામાં આવેલી કંપની છે**

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

સુરતમાં વિશ્વનું સૌથી મોટું હીરા ઉદ્યોગનું કેન્દ્ર કાર્યરત થતા ની સાથે જ મુંબઈના ડાયમંડ ઉદ્યોગને મોટો ઝટકો લાગ્યો છે મુંબઈની મોટાભાગની ઓફિસ સુરતમાં પોલીસ થયેલા હીરા વિશ્વના બીજા દેશોમાં મોકલે છે મુંબઈમાં હીરા ઉદ્યોગની મોટાભાગની ઓફિસો થવાનું મુખ્ય કારણ એ હતું કે મુંબઈમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ છે સુરતમાં અત્યાર સુધી તેનો અભાવ હતો પરંતુ હવે સુરતમાં પણ ઈન્ટરનેશનલ એરપોર્ટ થતા હવે હીરા ઉદ્યોગના વેચાણ માટે સુરત ભારતનું સૌથી મોટું કેન્દ્ર બની જશે આ માટે ડાયમંડ બુર્સનું તાજેતરમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે

હીરા ઉદ્યોગ ની આ ઓફિસો સુરતની ભવ્યતામાં અનેરો વધારો કરી રહી છે સાથોસાથ સુરતને વિશ્વાસ કરે પણ હીરાઉદ્યોગના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે

સુરત ડાયમંડ બુર્સ એ બિન નફાકારક સંસ્થા છે, જે સુરત ડાયમંડ બોર્સ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે કંપની, એક્ટ, ૨૦૧૩ ની કલમ ૮ હેઠળ નોંધાયેલ અને સુરત, ગુજરાત ખાતે ડાયમંડ બુર્સની સ્થાપના અને પ્રમોશન માટે બનાવવામાં આવેલી કંપની છે. સુરતના ખજોદ વિસ્તારમાં ડાયમંડ એક્સચેંજ માટે ૨૦૨૦ માં સુરત ડાયમંડ બુર્સનું નિર્માણ થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટથી સુરત ભારતનું બીજું ડાયમંડ ટ્રેડિંગ હબ હશે જે સુરત, ગુજરાત સ્થિત ૩૫.૫૪ એકરમાં ૬૬ લાખ ચો.ફૂટની ઉપલબ્ધતા સાથે ફેલાયેલું છે. અહીં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હીરા વેપારીઓ માટે ૪,૦૦૦ કચેરીઓનું નિર્માણ કરવામાં આવ્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ 'સુરત વડાયમંડ બુર્સ'નું ઉદ્ઘાટન કર્યું. તે સાથે કહ્યું કે સુરતની ભવ્યતામાં વધુ એક 'હીરા'નો ઉમેરો થયો છે. દેશના સમગ્ર અર્થતંત્ર માટે એ 'ગેમ ચેન્જર' સાબિત થશે. આગામી સમયમાં દેશને વિશ્વની ત્રીજા ક્રમની અર્થવ્યવસ્થા બનાવવા અને વિકસિત ભારતના નિર્માણ માટે હીરા ઉદ્યોગને રત્નો અને આભૂષણ ક્ષેત્રને તેની જવાબદારી સુનિશ્ચિત કરવા વડા પ્રધાને ખાસ આહ્વાન આપ્યું છે.

ડાયમંડ બુર્સની કેટલીક ખાસ વિશેષતાઓ પર નજર કરવા જેવી છે. વિશ્વના આ સૌથી મોટા ઑફિસ બિલ્ડિંગમાં બે બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ.વત્તા ૧૫ માળના નવ ટાવર હશે. ઑક્શન હાઉસ, આયાત-નિકાસ માટે કસ્ટમ ક્લીઅર્ન્સ હાઉસ તથા અલગ અલગ સેફ વૉલ્ટની સુવિધા રહેશે. ૧૩૧ હાઈસ્પીડ લિફ્ટની સુવિધા સાથે ચારથી છ મિનિટમાં ઑફિસમાં પહોંચી જવાશે. ૬૭,૦૦૦ લોકોની કેપેસિટી ધરાવતા બિલ્ડિંગમાં ૫૧૦૦ કાર અને ૧૧૦૦૦ લોપેડ બાઈકના પાર્કિંગની સુવિધા છે. કૉમન પેસેજને ઠંડો રાખવા રેડિયન્ટ કૂલિંગ સિસ્ટમ તથા ઝીરો ડીસ્ચાર્જ કન્સેપ્ટ અમલમાં છે. ૪૦૦ કિલોવૉટના સોલાર અને ૧૮૦૦ કેએલડી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ૨૭ જવેલરી શો-રૂમ અને બૅન્ક, રેસ્ટોરન્ટ, ડાયમંડ લેબની સુવિધા અહીં કાર્યરત રહેશે. દરેક એવી ક્ષમતા છે. ૬૭ લાખ ચોરસ ફૂટમાં બાંધકામ અને ૩૦૦ ચોરસ ફૂટથી એક લાખ ચોરસ ફૂટ - સુધીની ૪૫૦૦ ઑફિસો હશે. દરેક ટાવરને દરેક માળથી જોડતું ખાસ જોડાણ રહેશે. ડાયમંડ 'બુર્સ માટે ૫૪ હજાર ટન લોખંડના સળિયા, પાંચ .લાખ ઘનમીટર કૉન્ક્રીટ અને ૧૧ લાખ ચોરસ ફૂટ એલિવેશન ગ્લાસનો ઉપયોગ થયો છે. પાંચ એન્ટ્રી, પાંચ એક્ઝિટ અને સાત પેડેસ્ટ્રીયન દરવાજા છે. વડા પ્રધાને ડાયમંડ બુર્સને ખુલ્લું મૂકવા સાથે તેને હીરા ઉદ્યોગના વિકાસને વેગ આપતું અપ્રતિમ સાહસ ગણાવ્યું છે. એનાથી હીરા ઉદ્યોગના કારીગરો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ખરીદદારો બધાને લાભ જ લાભ થવાની અપેક્ષા છે. અહીં વર્ષે ચાર લાખ કરોડના વેપારની ધારણા છે. દોઢ લાખ લોકોને રોજગારી મળવાનો સંભવ છે.

જેમ્સ અને જવેલરી ઉદ્યોગનો દેશના અર્થતંત્રમાં ૮ ટકા હિસ્સો છે. દુનિયામાં દસમાંથી આઠ હીરાનું પ્રોસેસિંગ અને નિકાસ ગુજરાતમાંથી થાય છે. રાજયમાં ૪૫૦થી વધુ સંગઠિત ઝવેરાત ઉત્પાદકો, આયાતકારો અને નિકાસકારો વર્ષોથી પ્રવૃત્ત છે. વિશ્વના પ્રક્રિયા થયેલા હીરામાં રાજ્યનો હિસ્સો ૭૨ ટકા છે. ૮૦ ટકા નિકાસ અહીંથી જ થાય છે.

માટલો કે સુરતનું ડાયમંડ બુર્સ માત્ર ગુજરાત માટે જ નહીં, સમગ્ર દેશ માટે મહત્ત્વનું છે.

૧૭મી ડિસેમ્બરે ગુજરાતમાં બનેલ સુરત ડાયમંડ બુર્સ (SDB) બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું. આ સૌથી મોટી ઈન્ટરકનેક્ટેડ બિલ્ડિંગ છે અને યુએસ ડિફેન્સ હેડક્વાર્ટર પેન્ટાગોન કરતાં પણ મોટી છે. તેમાં ૪૭૦૦થી વધુ ઓફિસો છે. આ કાર્યક્રમ માટે દેશ અને દુનિયામાંથી ૭૦,૦૦૦ થી વધુ લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

તેનો ખર્ચ ૩,૫૦૦ કરોડ રૂપિયા છે. બિલ્ડિંગનું બાંધકામ ફેબ્રુઆરી ૨૦૧૫માં શરૂ થયું હતું. તેનું કામ એપ્રિલ ૨૦૨૨માં પૂર્ણ થયું હતું. જીઢમ્ની સ્થાપના સુરતના હીરા ઉદ્યોગ દ્વારા ઉત્પાદન અને વેપાર બંને માટે વન-સ્ટોપ હબ તરીકે કરવામાં આવી છે. સુરત વિશ્વના ૯૨% નેચરલ ડાયમંડનું ઉત્પાદન કરે છે.

ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં આ ઈમારતનું નામ આ ઈમારતનું નામ આ વર્ષે ઓગસ્ટમાં ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું હતું. આ ઈમારત ૩૫.૫૪ એકરમાં ફેલાયેલી છે. તેનો બિલ્ટ અપ એરિયા ૬૭ લાખ ચોરસ ફૂટ છે. આ પહેલાં વિશ્વના સૌથી મોટા ઓફિસ કોમ્પ્લેક્સનો રેકોર્ડ અમેરિકાના પેન્ટાગોનના નામે હતો. પેન્ટાગોનનો બિલ્ટઅપ એરિયા ૬૫ લાખ ચોરસ ફૂટ છે.

સુરતમાં બનેલા આ મેગાસ્ટ્રક્ચરમાં ૯ ગ્રાઉન્ડ ટાવર અને ૧૫ માળ છે. નવ લંબચોરસ ટાવર્સ સેન્ટ્રલ સ્પાઈન સાથે જોડાયેલાં છે. તેની પાસે ૩૦૦ ચોરસ ફૂટથી ૧ લાખ ચોરસ ફૂટ સુધીની ૪,૫૦૦ ઓફિસ સ્પેસ છે. ઈમારતને ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) તરફથી પ્લેટિનમ રેન્કિંગ મળ્યું છે. ઓફિસો ઉપરાંત, ડાયમંડ બુર્સ કેમ્પસમાં સેફ ડિપોઝિટ વોલ્ટ, કોન્ફરન્સ હોલ, મલ્ટિપર્પઝ હોલ, રેસ્ટોરાં, બેંકો, કસ્ટમ ક્લીયરન્સ હાઉસ, કન્વેન્શન સેન્ટર, એક્ઝિબિશન સેન્ટર, તાલીમ કેન્દ્રો, મનોરંજન એરિયા અને ક્લબ જેવી સુવિધાઓ છે. છેલ્લાં કેટલાંક અઠવાડિયામાં, ઘણી ડાયમંડ ટ્રેડિંગ કંપનીઓએ અહીં તેમની ઓફિસ શરૂ કરી દીધી છે.

મુંબઈમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ થવાના કારણે સૂરત કે ડાયમંડ ફાઈનાન્સ કો મુંબઈમાં તમારી એક અલગથી ઓફિસ લેનાપત હતી. જ્યાં જોરે સૂરતમાં તોરાશે ડાયમંડથી દુનિયા અલગ-અલગ મુંબઈમાં એક્સપોર્ટ કરવામાં આવે છે.

# માર્ક ઝકરબગ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ કેમ્પસમાં તેનું પ્રથમ ડેટા સેન્ટર સ્થાપશે

મુંબઈ,

મેટા, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપની પેરેન્ટ કંપની, ચેન્નાઈમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ કેમ્પસમાં ભારતમાં તેનું પ્રથમ ડેટા સેન્ટર સ્થાપી રહી છે. આ અમેરિકન કંપનીને ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ જેવી તેની મુખ્ય એપ્સ પર સ્થાનિક સ્તરે વપરાશકર્તાઓ દ્વારા જનરેટ કરવામાં આવતી સામગ્રીની પ્રક્રિયા કરવામાં મદદ કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, માર્ક ઝકરબર્ગ અને મુકેશ અંબાણી વચ્ચે આ ચર્ચા માર્ચની શરૂઆતમાં જામનગરમાં અનંત અંબાણીની



પ્રી-વેડિંગ સેરેમની દરમિયાન થઈ હતી અને ડીલ ફાઈનલ થઈ ગઈ હતી. આવો અમે તમને એ પણ જણાવીએ કે યુઝર અને મેટાને કયા પ્રકારના ફાયદા મળી શકે છે. એક અહેવાલ મુજબ, આ કેમ્પસ દ્વારા, સીંક્ર હવે દેશભરમાં બહુવિધ સ્થળોએ ચારથી પાંચ નોડનું સંચાલન કરી શકશે, જે વિશ્વના સૌથી મોટા બજારોમાંના એક એવા ભારતમાં ઝડપી ડેટા પ્રોસેસિંગને મંજૂરી આપશે. હાલમાં ભારતીય યુઝર્સનો ડેટા સિંગાપોરમાં મેટાના ડેટા સેન્ટરમાં આવે છે. જાણકાર લોકોના મતે, સ્થાનિક ડેટા સેન્ટરની સાથે, સામગ્રી સિવાય, સ્થાનિક જાહેરાતો પણ વપરાશકર્તાઓના અનુભવને બહેતર બનાવશે. ઉપરાંત, વૈશ્વિક ડેટા કેન્દ્રોના ખર્ચમાં ઘટાડો થશે. ચેન્નાઈની અંબાત્તુર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ૧૦ એકરનું કેન્સાસ બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ડિજિટલ રિયલ્ટી વચ્ચેનું ત્રિ-માર્ગી સંયુક્ત સાહસ છે. તે ૧૦૦-મેગાવોટ (સ્ઉ)ૅ લોડ ક્ષમતા સુધી પહોંચી શકે છે. આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી. નિષ્ણાતો માને છે કે સરકાર મોટા છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) મોડલની તપાસ કરી રહી છે. મેટા સ્થાનિક સ્તરે આવી કામગીરી ચલાવવાનું વિચારી રહી છે.

# ચૂંટણી પંચે અભિનેતા આયુષ્માનને યુવા આઈકોન તરીકે પસંદ કર્યા

મુંબઈ,

બોલિવૂડ એક્ટર આયુષ્માન ખુરાનાએ બોલિવૂડમાં ઘણી શાનદાર ફિલ્મો કરી છે. તે અવારનવાર તેની ફિલ્મો અને તેના પાત્રોને લઈને ચાહકોમાં ચર્ચામાં રહે છે. જો કે, આ સમયે આયુષ્માન ખુરાના ચર્ચામાં છે તેનું કારણ તેની કોઈ ફિલ્મ નથી પરંતુ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં તેને આપવામાં આવેલી મોટી જવાબદારી છે, જેની હાલ ઘણી ચર્ચા થઈ રહી છે.

હા, તાજેતરમાં આયુષ્માન ખુરાનાને ભારતના ચૂંટણી પંચ દ્વારા દેશના યુવા આઈકોન બનાવવાની મોટી જવાબદારી સોંપવામાં આવી છે. આ બાબતને લઈને તેણે સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ શેર કર્યો છે, જેમાં આયુષ્માન ખુરાના યુથ આઈકોનને વોટ ન આપવાના ૧૦૧ બહાના અને વોટિંગ માટે ૧ કારણ જણાવતા જોવા મળે છે. વીડિયોમાં તે કહેતો જોવા મળી રહ્યો છે કે લોકો વિચારે છે કે જો તેઓ એક પણ વોટ નહીં આપે તો શું થશે. તે કહે છે, 'મત ન આપવા માટે ૧૦૧ બહાના છે, પરંતુ મતદાન કરવા માટે માત્ર એક જ કારણ પૂરતું છે અને તે આપણી જવાબદારી છે, દેશ અને આપણા ભવિષ્ય માટે.' હવે આયુષ્માન ખુરાનાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આયુષ્માન ખુરાના છેલ્લે ૨૦૨૩માં આવેલી ફિલ્મ 'ડ્રીમ ગર્લ ૨'માં જોવા મળ્યો હતો. આ ફિલ્મ એ વર્ષની મોટી હિટ ફિલ્મોની યાદીમાં સામેલ હતી.

# આઈપીએલની બે મેચોના કાર્યક્રમમાં ફેરફારની જાહેરાત કરવામાં આવી



નવીદિલ્હી

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સીઝનનો માહોલ જામી ગયો છે. દરેક ટીમોએ ત્રણ-ત્રણ મેચ રમી લીધી છે, પરંતુ આ વચ્ચે બીસીસીઆઈએ આઈપીએલ ૨૦૨૪ના કાર્યક્રમમાં ફેરફારની જાહેરાત કરી છે. પરંતુ બોર્ડે માત્ર બે લીગ મેચની તારીખોમાં ફેરફાર કર્યો છે. કાર્યક્રમમાં ફેરફારનું કારણ આ મહિને યોજાનાર લોકસભા ચૂંટણી છે. ચૂંટણીને કારણે સુરક્ષા સ્વવસ્થાને ધ્યાનમાં રાખતા બે મેચની તારીખને આગળ-પાછળ કરવામાં આવી છે.

કાર્યક્રમમાં કરવામાં આવેલો પ્રથમ ફેરફાર કોલકત્તા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સની મેચનો છે. બંને ટીમો વચ્ચે આ મુકાબલો પહેલા ૧૭ એપ્રિલે રમાવાનો હતો. મેચનું આયોજન ઈડન ગાર્ડન્સ કોલકત્તામાં થવાનું હતું, પરંતુ હવે આ મેચ એક દિવસ પહેલા એટલે કે ૧૬ એપ્રિલે રમાશે.

કેકેઆર અને રાજસ્થાન રોયલ્સ સિવાય દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત ટાઈટન્સના મુકાબલામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. બંને ટીમો વચ્ચે આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની હતી.

# વરિષ્ઠ નાગરિકોને મળતી છૂટ પાછી ખેંચીને રેલવેએ ચાર વર્ષમાં ૫૮૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી

## લોકડાઉન જાહેર થયા બાદ વરિષ્ઠ નાગરિકોએ ભાડામાં આપવામાં આવેલી છૂટ પાછી લઈ લીધી હતી

ભોપાલ,

ભારતીય રેલ્વેએ વરિષ્ઠ નાગરિકોને ટ્રેન ભાડામાં આપવામાં આવેલી રાહતો પાછી ખેંચી લીધા પછી વરિષ્ઠ નાગરિકો પાસેથી રૂ. ૫૮૦૦ કરોડથી વધુ એકત્ર કર્યા છે. વધારાની આવક મેળવી છે.માહિતી અધિકાર (આરઆઈટી) કાયદા હેઠળ પૂછવામાં આવેલા પ્રશ્નોમાં બહાર આવ્યું છે

૨૦ માર્ચ, ૨૦૨૦ ના રોજ, કોવિડ -૧૯ રોગચાળાને કારણે દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરવામાં આવ્યા પછી, રેલ્વે મંત્રાલયે વરિષ્ઠ નાગરિકોને ટ્રેન ભાડામાં આપવામાં આવેલી રાહત પાછી ખેંચી લીધી હતી. તે સમય સુધી, રેલવે મહિલા મુસાફરોને ટ્રેન ભાડામાં ૫૦ ટકા અને પુરૂષ અને ટ્રાન્સજેન્ડર વરિષ્ઠ નાગરિકોને ૪૦ ટકા ડિસ્કાઉન્ટ આપતી હતી. આ છૂટ હટાવ્યા બાદ વૃદ્ધોએ અન્ય મુસાફરોની જેમ જ ભાડું ચૂકવવું પડશે. રેલ્વેના ધોરણો અનુસાર, ૬૦ વર્ષ અને તેથી વધુ વયના પુરૂષો અને ટ્રાન્સજેન્ડરો અને ૫૮ વર્ષ અને તેથી વધુ વયની મહિલાઓને વરિષ્ઠ નાગરિક ગણવામાં આવે છે. વૃદ્ધોને અપાયેલી પેસેન્જર ભાડામાં રાહત સમાપ્ત થયા પછીની સ્થિતિ અંગેનું ચિત્ર કેટલીક આરટીઆઈ અરજીઓ પર મળેલા જવાબો પરથી સ્પષ્ટ થયું છે.

મધ્યપ્રદેશના રહેવાસી ચંદ્રશેખર ગૌરે અલગ-અલગ સમયે આરટીઆઈ કાયદા હેઠળ અરજીઓ કરી છે અને માહિતી મેળવી છે કે ૨૦ માર્ચ, ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં રેલવેએ આ હેડ હેઠળ રૂ. ૫૮૭૫ કરોડથી વધુની વધારાની આવક મેળવી છે. ગૌરે કહ્યું, "મેં આરટીઆઈ એક્ટ હેઠળ ત્રણ અરજીઓ દાખલ કરી હતી. પ્રથમ અરજીમાં, રેલવેએ મને ૨૦ માર્ચ, ૨૦૨૦ થી માર્ચ ૩૧, ૨૦૨૨ સુધીના વધારાના આવકનો ડેટા પ્રદાન કર્યો હતો. બીજી અરજીમાં, રેલવેએ મને ૧ એપ્રિલથી વધારાની આવકનો ડેટા પ્રદાન કર્યો હતો.

# આર્જેન્ટિનામાં એક સાથે ૭૦ હજાર સરકારી કર્મચારીઓની છટણી

આર્જેન્ટિના,

આર્થિક સંકટો સામે ઝઝૂમી રહેલા આર્જેન્ટિનામાં સરકારી કર્મચારીઓને મોટો ઝટકો મળવાનો છે. આર્જેન્ટિનામાં મોટા પાયે છટણી થવા જઈ રહી છે. એક સાથે ૭૦૦૦૦ કર્મચારીઓની નોકરી જશે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલી દેશની અર્થવ્યવસ્થા પર વધતા બોજને ઓછો કરવા માટે મોટું પગલું ભરવા જઈ રહ્યા છે. આવનારા કેટલાક મહિનામાં આર્જેન્ટિનામાં ૭૦ હજાર લોકોની નોકરીઓ જશે.

બ્લુમબર્ગના એક રિપોર્ટ મુજબ આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલી આવનારા કેટલાક મહિનામાં દેશભરમાં ૭૦૦૦૦ થી વધુ સરકારી કર્મચારીઓની છટણી કરવાના છે. અત્રે જણાવવાનું કે આર્જેન્ટિના લાંબા સમયથી આર્થિક તંગીનો સામનો કરી રહ્યું છે. અર્થવ્યવસ્થા ભારે દબાણ હેઠળ છે. આવામાં દેશની ઈકોનોમી પરથી દબાણ ઓછું કરવા માટે સરકારે છટણીનો નિર્ણય લીધો છે.

રિપોર્ટ મુજબ આર્જેન્ટિનામાં ૩૫ લાખથી વધુ સરકારી કર્મચારીઓ છે. આવામાં સરકારને આશા છે કે ૭૦ હજાર કર્મચારીઓની છટણીથી મોટી અસર નહીં પડે. એવું માનવામાં આવી રહ્યું છેકે સરકાર ૧૫ ટકા જેટલા કર્મચારીઓની કોન્ટ્રાક્ટ રિન્યૂ કરશે નહીં. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલીએ કહ્યું કે છેલ્લા કેટલાક સમયમાં દેશ અને દુનિયામાં મોટા પાયે છટણી થઈ રહી છે. સરકાર પબ્લિક સેક્ટરમાં કામ કરતા ૭૦ હજાર કર્મચારીઓના કોન્ટ્રાક્ટ ખતમ કરશે. જોકે આવું પહેલીવાર નથી બન્યું. સરકાર અગાઉ ૫૦,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી ચૂકી છે. રિપોર્ટ મુજબ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીમાં આ કર્મચારીઓના કોન્ટ્રાક્ટ ખતમ કરી દેવાની વાત કહેવાઈ હતી.

# રામાયણમાં રામના રોલમાં રણબીર, સીતાના રોલમાં સાઈ પલ્લવી અને રાવણના રોલમાં યશ

મુંબઈ,

નિતેશ તિવારી આજથી પોતાની કારકિર્દીની સૌથી મહત્વપૂર્ણ ફિલ્મ રામાયણનું શૂટિંગ શરૂ કરવા જઈ રહ્યા છે. આજે એટલે કે ૨જી એપ્રિલથી, મુંબઈની ફિલ્મ સિટીમાં સીતાની ભૂમિકા ભજવી રહેલી સાઈ પલ્લવી સહિત ફિલ્મના કલાકારો આ ફિલ્મ માટે પહેલીવાર કેમેરાનો સામનો કરવા જઈ રહ્યા છે. સોમવારે, ટીમે સૌથી મહત્વપૂર્ણ કામ કર્યું, એટલે કે લુક ટેસ્ટ. આ લુક ટેસ્ટ લેટેસ્ટ કોસ્ચ્યુમ



સાથે કરવામાં આવ્યો હતો. હકીકતમાં, આઉટફિટ્સ પર ફરીથી કામ કરવાને કારણે, ફિલ્મનું શૂટિંગ શરૂ થવામાં થોડા દિવસો વિલંબ થયો હતો. જોકે હવે રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવીની ફિલ્મ આખરે ફ્લોર પર આવી ગઈ છે. સોશિયલ મીડિયા પર ઘણા સમયથી નિતેશ તિવારીની રામાયણને લઈને ચર્ચા ચાલી રહી છે. મહિનાઓથી, તેના કલાકારો અંગેના વિવિધ અહેવાલોએ ફિલ્મ વિશે ચાહકોની ઉત્સુકતા વધારી દીધી છે. ફિલ્મમાં રણબીર કપૂર રામના રોલમાં જોવા મળશે, કેજીએફ ફેમ યશ રાવણના રોલમાં અને સાઈ પલ્લવી સીતાના રોલમાં જોવા મળશે.





# રાહુલે આઈપીએલમાં પુનરાગમન કર્યું પરંતુ હજુ પણ તે સંપૂર્ણ રીતે ફિટ નથી

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪માં લખનૌ સુપર જાયન્ટ્સે છેલ્લી મેચમાં પંજાબ કિંગ્સને હરાવીને પોતાનું ખાતું ખોલ્યું હતું. ખાસ વાત એ હતી કે તે મેચમાં ટીમની કપ્તાની નિયમિત કેપ્ટન કેએલ રાહુલે નહોતી કરી.


તેના બદલે નિકોલસ પુરન ટીમના કેપ્ટન હતા. જ્યારે કેએલ રાહુલે ઈમ્પેક્ટ પ્લેયર તરીકે મેચમાં ભાગ લીધો હતો. નોંધનીય છે કે કેએલ રાહુલ ઈંગ્લેન્ડ શ્રેણીની પ્રથમ ટેસ્ટથી જ ઈજાગ્રસ્ત થયો હતો. કોઈક રીતે તેણે આઈપીએલમાં પુનરાગમન કર્યું પરંતુ હજુ પણ તે સંપૂર્ણ રીતે ફિટ નથી. આ જ કારણ છે કે હવે માત્ર પુરન જ સિઝનના મધ્યમાં સતત કેપ્ટનશિપ કરતા જોવા મળી શકે છે અને લખનૌની કેપ્ટનશિપમાં ફેરફાર થઈ શકે છે. પ્રાપ્ત માહિતી અનુસા રાહુલ હજુ સંપૂર્ણ રીતે ફિટ નથી. તેણે નેટ્સમાં બેટિંગની પ્રેક્ટિસ કરી હતી પરંતુ તે વિકેટકીપિંગ કરતો જોવા મળ્યો નહોતો. આ જ કારણ છે કે હવે કેએલ રાહુલને લઈને લાગતું નથી કે તે આગામી કેટલીક મેચો માટે ટીમનું સુકાન સંભાળી શકે. જો રાહુલ ફિટ ન હોય તો માત્ર પુરન આખી સિઝન માટે ટીમની કેપ્ટનશીપ કરી શકે છે. રાહુલને ઈમ્પેક્ટ પ્લેયર તરીકે જોઈ શકાય છે. ફાફ ડુ પ્લેસિસે આઈપીએલ૨૦૨૩માં સતત આવું જ કર્યું અને વિરાટ કોહલીએ ઘણી મેચોમાં આરસીબીની કમાન સંભાળી.

કેએલ રાહુલની ફિટનેસ પરના સસ્પેન્સને કારણે હવે તેના માટે ટી૨૦ વર્લ્ડ કપમાં રમવું મુશ્કેલ લાગી રહ્યું છે. કારણ કે છેલ્લા કેટલાક સમયથી રાહુલનું સ્થાન વિકેટકીપર બેટ્સમેન જેવું થઈ ગયું છે. જ્યારે ટીમ પાસે આ પદ માટે અન્ય દાવેદારો છે. જેમાં સંજુ સેમસન, જીતેશ શર્મા અને ધ્રુવ જુરેલ હતા, હવે ઋષભ પંત પણ ફિટ થઈ ગયો છે.

# શૂટીંગમાં સતત વિલંબને પગલે કરણની ફિલ્મ 'બુલ'માંથી સલમાન હટ્યો

મુંબઈ,

લગભગ ૨૫ વર્ષ બાદ કરણ જોહર અને દબંગ સ્ટાર સલમાન ખાન એક સાથે કામ કરવા તૈયાર હતા. બન્ને ફિલ્મ 'બુલ' માટે તૈયાર હતા પણ શૂટીંગમાં સતત વિલંબના કારણે સલમાન ખાન ખુદ આ ફિલ્મમાંથી નીકળી ગયો છે. સૂત્રો મુજબ સલમાન હવે કરણની આ ફિલ્મમાં સાથે કામ નહીં કરે. ફિલ્મનું શૂટીંગ ૨૦૨૩માં શરૂ થનાર હતું પણ જાન્યુઆરી અને ત્યારબાદ ફેબ્રુઆરી અને ફેબ્રુઆરી ત્યાર બાદ મેમાં પણ શૂટીંગ નહોતું થયું.કરણે સલમાન ખાન પાસે જુલાઈ સુધીનો સમય માંગ્યો ત્યારે સલમાને પોતાના મિત્ર સાજીદ નડિયાદવાળાની ફિલ્મને સૌથી આગ્રહ રાખવાનો નિર્ણય કર્યો. એઆર મુરુગાદાસ સાથે સાજીદની ફિલ્મ મે ૨૦૨૪માં ફ્લોર પર જવા તૈયાર





છે.દરમિયાન કરણ નવેમ્બર-૨૦૨૪ સુધી 'બુલ'ને ફ્લોર પર લઈ જવાનું વિચારતો હતો. સૂત્રો મુજબ સલમાને પણ કહ્યું હતું કે, નિયતિ (નસીબ) નથી ઈચ્છતી કે આ ફિલ્મ બને. સલમાન અને કરણ કદાચ બીજી કોઈ ફિલ્મમાં સાથે કામ કરતા જોવા મળી શકે છે.

# પઠાણે કોહલીના સ્ટ્રાઈક રેટને લઈને ચાલી રહેલી ચર્ચા પર ધ્યાન ન આપવાની સલાહ આપી

મુંબઈ,

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએની ધરતી પર આયોજિત થવાનો છે. રોહિત શર્મા ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયાની કમાન સંભાળશે. ભૂતપૂર્વ અનુભવી ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે આગામી વર્લ્ડ કપ માટે પોતાની મનપસંદ ભારતીય ટીમ પસંદ કરી છે. 'હિટમેન' રોહિત ઉપરાંત તેણે વિરાટ કોહલી, ઋષભ પંત અને હાર્દિક પંડ્યા જેવા મજબૂત ખેલાડીઓને પોતાની ટીમમાં સામેલ કર્યા છે. પઠાણ ૨૦૦૭માં ટી૨૦ વર્લ્ડ કપ જીતનારી ભારતીય ટીમનો ભાગ હતો. પઠાણે પસંદગીની ટીમ જાહેર કરી. તેણે કોહલીના સ્ટ્રાઈક રેટને લઈને ચાલી રહેલી ચર્ચા પર ધ્યાન ન આપવાની સલાહ આપી હતી. પઠાણે કહ્યું, "કોહલી મોટી ટૂર્નામેન્ટ માટે મહત્વપૂર્ણ છે."

તમને જણાવી દઈએ કે થોડા અઠવાડિયા પહેલા મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે કોહલીને ટી ૨૦ વર્લ્ડ કપમાંથી બહાર કરવામાં આવી શકે છે કારણ કે તે ટૂંકા ફોર્મેટની માંગને પૂર્ણ કરવામાં અસમર્થ છે. તે જ સમયે, પઠાણ કહે છે કે આઈપીએલ ૨૦૨૪ માં પંત કેવું પ્રદર્શન કરે છે તેના પર ઘણું નિર્ભર રહેશે.

૨૦૨૨માં પંતનો કાર અકસ્માત થયો હતો. તે આઈપીએલની ૧૭મી સીઝનથી સ્પર્ધાત્મક ક્રિકેટમાં પરત ફર્યો છે. પંતે તાજેતરમાં જ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે તોફાની અર્ધસદી ફટકારીને પોતાની ક્ષમતા દર્શાવી હતી.





# ઈંગ્લેન્ડને મોટો આંચકો : બેન સ્ટોક્સ આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપમાં નહીં રમે

લંડન,

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે આ વર્ષે જૂનમાં શરૂ થઈ રહેલા ટી ૨૦ વર્લ્ડ કપમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે એક નિવેદન જારી કરીને આ વાતની પુષ્ટિ કરી છે. આઈસીસીની મોટી ટૂર્નામેન્ટ પહેલા ઈંગ્લેન્ડની ટીમ માટે આ મોટો ઝટકો છે.આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૧ જૂનથી અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની યજમાનીમાં શરૂ થવા જઈ રહ્યો છે.તેની અંતિમ મેચ ૨૯ જૂને બાર્બાડોસમાં રમાશે.

ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'ઈંગ્લેન્ડના ક્રિકેટર બેન સ્ટોક્સે આજે પુષ્ટિ કરી છે કે તે જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં યોજાનાર આઈસીસી મેન્સ ટી ૨૦



વર્લ્ડ કપ પહેલા પસંદગી માટે વિચારણા કરવા ઈચ્છતો નથી. હશે.' નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટનનું ધ્યાન માત્ર ટેસ્ટ ક્રિકેટ માટે જ નહીં, પરંતુ ભવિષ્યમાં તમામ ક્રિકેટ માટે બોલિંગ કરવા માટે સંપૂર્ણ રીતે ફિટ રહેવા પર છે. ઈંગ્લેન્ડની ટીમ વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા સામે બે-ત્રણ મેચની ટેસ્ટ શ્રેણી રમશે.

બેન સ્ટોક્સે પોતાના નિર્ણય પર કહ્યું, 'હું સખત મહેનત કરી રહ્યો છું અને ક્રિકેટના તમામ ફોર્મેટમાં ઓલરાઉન્ડર તરીકે મારી સંપૂર્ણ ભૂમિકા નિભાવવા માટે મારી બોલિંગ ફિટનેસને મજબૂત કરવા પર ધ્યાન આપી રહ્યો છું. આઈપીએલ અને વર્લ્ડ કપમાં ભાગ લેવો એ એક બલિદાન હશે જે મને ભવિષ્યમાં ઓલરાઉન્ડર ખેલાડી બનવામાં મદદ કરશે.

૩૨ વર્ષના બેન સ્ટોક્સના નામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦૦૦થી વધુ રન છે. તેણે ૧૦૨ ટેસ્ટ મેચોમાં ૧૩ સદી, ૧ બેવડી સદી અને ૩૧ અડધી સદીની મદદથી ૬૩૧૬ રન બનાવ્યા છે. તે જ સમયે, O\માં ૧૧૪ મેચોમાં, તેણે ૫ સદી અને ૨૪ અડધી સદીની મદદથી ૩૪૬૩ રન બનાવ્યા છે.

# રાજકોટ રિવરફ્રન્ટ સ્થળ મુલાકત લઇ મ્યુનિ.કમિશનર આનંદ પટેલે પ્રોજેકટ અંગેની માહિતી મેળવી

## સંસદ ભવન, કાશી વિશ્ર્વનાથ મંદિર, સાબરમતી રિવરફ્રન્ટ સહિતના પ્રોજેક્ટ બનાવનાર કંપનીને કામ સોંપાયું

રાજકોટ,

રાજકોટ મહાપાલિકાનો ડ્રીમ પ્રોજેકટ આજી રિવરફ્રન્ટની કામગીરીનું ધમધમાટ અંતે શરૂ થઇ ગયો છે. સાંસદ ભવન, કાશી વિશ્ર્વનાથ મંદિર અને સાબરમતી રિવરફ્રન્ટ સહિતના ઉત્તમ પ્રોજેકટ બનાવનાર એચ.સી.પી. પ્લાનીંગ એન્ડ મેનેજમેન્ટ પ્રાઇવેટ લીમીટેડને કામ સોંપવામાં આવ્યું છે. તેમના દ્વારા ફાઇનલ માર્સ્ટર પ્લાનની ડિટેલ ડીઝાઇન તૈયાર કરી પ્રોજેકટને ફાઇનલ ટચીંગ આપવામાં આવશે. આ માટે એજન્સી સાથે સ્થળ મુલાકત લઇ મ્યુનિ.કમિશનર આનંદ પટેલે પ્રોજેક્ટ અંગેની માહિતી મેળવી હતી.આજી નદી કાંઠે રામનાથ મહાદેવ મંદિર ડેવોલોપીંગ અને આદી રિવરફ્રન્ટ તૈયાર કરવવા માટે ધમધમાટ શરૂ કરવામાં આવ્યું છે. મ્યુનિ.કમિશનર આનંદ પટેલે સ્થળ વિઝિટ કરી એજન્સી સાથે પ્રોજેક્ટ અંગેની ચર્ચા કરી હતી. અને આ મુદ્દે જણાવેલ કે, અગાઉ બજેટમાં જોગવાઇ થઇ ગયેલ છે. આથી મંદિરની બંન્ને તરફ એક કિલોમીટરમાં રૂા.૧૮૦ કરોડના પ્રોજેકટનું કામ શરૂ કરવામાં આવશે. આગાઉ સર્વ થયેલો છે છતા થોડા સમયમાં કાંઇ ફેરફાર હોય તો ફાઇનલ ટચીંગ કરવામાં આવશે. અને દિવાળી સુધીમાં ટેન્ડર પ્રકિયા હાથ ધરશે અને પ્રોજેક્ટ બે વર્ષની સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. ૧ કિલોમીટરની ત્રીજયમાં મંદિરની બંન્ને સાઇડ ચેક ડેમ બનાવી શુદ્ધ પાણીની વ્યેવસ્થા ઉભી કરવામાં આવશે. તેમજ અટલ સરોવરની જેમાં બારે માસ પાણી માટે ટરશરી પ્લાન મૂકવામાં આવશે. પૂરા વિસ્તારમાં પવિત્ર અને શુદ્ધ



વતાવરણ રહે તેવુ આયોજન કરવામાં આવ્યું છે. ઉપરોક્ત કામગીરી સાંસદ ભવન, કાશી વિશ્ર્વનાથ મંદિર અને સાબરમતી રિવરફ્રન્ટ સહિતના પ્રોજેકટ બનાવનાર એચ.સી.એલ કંપનીને કામ સોંપવામાં આવ્યું છે.

આજી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટના વર્તમાન આયોજન અનુસંધાને આજરોજ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ અને એજન્સીના પ્રતિનિધિઓને સાથે રાખી પ્રોજેક્ટ સાઈટની વિઝિટ કરવામાં આવી હતી. આજી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ વિશે માહિતી આપતા મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટની આગળની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેકટ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે ક્ધસલ્ટન્ટ એચ.સી.પી.ડીઝાઈન પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ પ્રા. લીમીટેડ, અમદાવાદને નિમણુંક કરવામાં આવેલ છે. આ એજન્સી દ્વારા ફાઈનલ માસ્ટર પ્લાનની ડીટેઈલ ડિઝાઈનની કામગીરી હાથ ધરવામાં આવશે.

વધુમાં મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતુ કે, આજી ડેમમાં જે દુષિત પાણી ડેમમાં જાય છે તેને ટ્રીટ કરી રાજકોટ મહાનગરપાલિકાના અન્ય કામોમાં વપરાશ કરવા અંગે પણ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરએ સાઈટ વિઝિટ દરમ્યાન એજન્સીના પ્રતિનિધિઓ સાથે પરામર્શ કરી પ્રોજેક્ટની માહિતી મેળવી હતી. આજી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ખાતે મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ સાથે નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, સિટી એન્જી.અલ્પના મિત્રા, પી.એ.(ટેક.)ટુ કમિશનર હિમાંશુ દવે, ડી.ઇ.ઇ. પરેશ પટેલ અને એજન્સીના પ્રતિનિધિઓ દ્વારા સંયુક્ત સાઈટ વિઝિટ કરવામાં આવી હતી.

મહાનગરપાલિકાએ આજી રિવરફ્રન્ડની કામગીરી શરૂ કરી છે મ્યુનિ.કમિશનરે ગઇ કાલે સ્થળ વિઝિટ કરી એજન્સી સાથે ચર્ચા કરી અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી.

# ઓખા-એર્નાકુલમ એક્સપ્રેસ ટ્રેન એલએચબી કોચ સાથે દોડાવાશે



રાજકોટ,

આગામી દિવસોમાં ઉનાળુ વેકેશનનો પ્રારંભ થશે. વેકેશન દરમ્યાન લોકો ફરવા હરવા જતાં હોય છે. રજાનો સમયગાળો બહાર પસાર કરવા માટે લોકો વધારે પડતાં લાંબાઅ અંતર માટે ટ્રેનનો ઉપયોગ કરતાં હોય રેલવે વિભાગ દ્વારા રાજકોટમાથી પસાર થતી એર્નાકુલમ ઓખા એકસપ્રેસ ટ્રેનના કોચમાં ફેરફાર કરી અને સુવિધા યુકત બનાવી એલએચબી રેંક સાથે દોડાવશે.

રાજકોટ ડીવીઝનના જનસંપર્ક કાર્યાલયના જણાવ્યા મુજબ મુસાફરોને વધુ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ આપવા માટે, રેલવેએ ઓખા-એર્નાકુલમ અને એર્નાકુલમ-ઓખા એક્સપ્રેસ ટ્રેનોના પરંપરાગત રેકને નવા રૂપાંતરિત એલએચબી રેક સાથે બદલવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૧૬૩૩૭/૧૬૩૩૮ ઓખા-એરાનાકુલમ એક્સપ્રેસ ટ્રેન (દ્વિ-સાપ્તાહિક) ઓખાથી ૦૮.૦૪.૨૦૨૪ થી અને એર્નાકુલમ થી ૦૫.૦૪.૨૦૨૪ થી એલએચબી રેક સાથે દોડશે.

આ ટ્રેનમાં કુલ ૨૨ કોચ હશે જેમાં ૨ સેક્ધડ એસી, ૩ થર્ડ એસી, ૧૨ સેક્ધડ સ્લીપર, ૧ પેન્ટ્રી કાર, ૨ જનરલ, ૧ લગેજ વાન અને ૧ જનરેટર વાન કોચનો સમાવેશ થાય છે.

# રાજકોટ કોર્ટમાં નવો વિવાદ : કોર્ટના બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન કબજે : વકીલો ડિસ્ટ્રીકટ જજને મળવા દોડી ગયા

## વકીલોમાં રોષ ભભૂક્યો : તાબડતોબ બાર એસો.ની બેઠક બોલાવાઇ

રાજકોટ,

રાજકોટના નવા કોર્ટ બિલ્ડિંગમાં હજુ સુધી વકીલોના ટેબલો મુકવાનો પ્રશ્ન ઉકેલાયો નથી ત્યાં રાજકોટ બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્ષ મશીન મુકવાના મુદ્દે બેન્ચ અને બાર એસોસિએશન ફરી આમને-સામને આવી ગયા હોય તેમ ડિસ્ટ્રિક્ટ જજે બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન ઉપાડી લેવાની નોટીસ આપ્યા બાદ બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન જપ્ત કરી લેવામાં આવતા વકીલોમાં રોષ ભભૂક્યો હતો. જેને પગલે બાર એસોસિએશન દ્વારા તાબડતોડ વકીલોની મિટિંગ બોલાવવામાં આવી છે.

રાજકોટમાં જામનગર રોડ ઉપર નવનિર્માણ પામેલી કોર્ટમાં ટેબલ મુદ્દે સળગેલા વિવાદનો હજુ અંત આવ્યો નથી ત્યાં ફરી બાર અને બેન્ચ ઝેરોક્ષ મશીન મુદ્દે અમને સામને આવી ગયા છે. રાજકોટ બાર એસોસિએશન દ્વારા બાર રૂમમાં રાખવામાં આવેલું ઝેરોક્ષ મશીન ઉપાડી લેવા રાજકોટના



પ્રિન્સિલ એન્ડ ડિસ્ટ્રિક્ટ જજ આર.ટી.વચ્છાણીએ નોટિસ આપી હતી. નોટીસના મળતા જ બાર એસોસિએશનના હોદ્દેદારો અને વકીલોને ડિસ્ટ્રીકટ જજને મળવા દોડી ગયા હતા. ત્યારે ડિસ્ટ્રીકટ જજે બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન પતમે નહીં ઉપાડો તો અમે ઉપાડી લેશુંથ તેમ કહેતા વકીલોમાં ભારે નારાજગી પ્રસરી ગઇ હતી.રાજકોટ બાર એસોસિએશનના સેક્રેટરી પી.સી.વ્યાસે જણાવ્યું હતું કે, રાજકોટ કોર્ટમાં આઝાદીના સમયથી બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્સ મશીન છે અને ૨૦૦૩માં પૂર્વ – ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ મનુભાઈ ઠક્કર – પાસે બાર એસોસિએશનના ત્યારના સેક્રેટરી સંજય વ્યાસ સહિતના હોદ્દેદારોએ લેખિતમાં મંજૂરી માગી હતી અને તેઓએ સત્તાવાર મંજૂરી આપી હતી. આમ છતાં ડિસ્ટ્રિક્ટ જજે અમને ઝેરોક્સ મશીન ઉપાડી લેવા નોટિસ આપતા અમે અમદાવાદ બાર એસોસિએશન અને હાઈકોર્ટના બાર એસોસિએશનના રૂમમાં ઝેરોક્સ મશીન હોવાના પુરાવા આપ્યા હતા. તેમજ અમને પૂર્વ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે આપેલો ઓર્ડર તથા એક સોવેનિયરમાં છપાયેલા ઝેરોક્સ મશીન અને તેના ઓપરેટરના ફોટા પણ આપ્યા હતા. આમ છતાં ડિસ્ટ્રિક્ટ જજે ઝેરોક્સ મશીન લઈ લેવા તાકીદ કરતાં વધુ એક વિવાદ સર્જાયો છે.

બાર રૂમમાંથી ઝેરોક્ષ મશીન ઉઠાવી લેવા નોટીસ આપ્યા બાદ ઝેરોક્ષ મશીન જપ્ત કરવામાં આવતા વકીલોમાં રોષ ભભૂક્યો હતો જેને પગલે બાર એસોસિએશન દ્વારા તમામ વકીલોને તાબડતોડ બાર રૂમમાં એકત્રીત થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

# રાજકોટવાસીઓએ ગુમાવેલી રૂપિયા ૨.૩૬ કરોડની માલમત્તા શહેર પોલીસે પરત અપાવી

## ત્રણ મહિનામાં ગુમ થયેલા ૩૬૨ મોબાઈલ અને સાઈબર ફ્રોડમાં ૧ કરોડ ૭૬ લાખની રકમ પોલીસે પરત અપાવ્યા : અરજદારો ખુશ

રાજકોટ,

રાજકોટ શહેરમાં છેલ્લા ત્રણ મહિનામાંઅલગ અલગ વિસ્તાઇરમાંથી ગૂમ થયેલા, ચોરાયેલા રૂા. ૫૯,૪૪,૭૯૭ના ૩૬૨ મોબાઇલ ફોન જે તે માલિકને પરત આપવાનો કાર્યક્રમ આજે શહેર પોલીસ હેડક્વાર્ટરના તાલિમ ભવન ખાતે યોજાયો હતો. સાથે સાથે છેલ્લા ત્રણ મહિનામાં અલગ અલગ પ્રકારના સાયબર ફ્રોડથી રકમ ગુમાવનારા અરજદાર-લોકોને કુલ રૂા. ૧,૭૬,૫૯,૪૩૪ની રકમ પણ પરત અપાવવામાં આવી હતી. આમ કુલ સવા બે કરોડથી વધુની માલમત્તા લોકોએ મોબાઈલ સ્વરૂપે અને ફ્રોડ સ્વંરૂપે ગુમાવી દીધી હતી તે શહેર પોલીસે પરત અપાવી હતી. ગુજરાત સરકારના કોમ્યુ નીટી આઉટરીચ પ્રોગ્રામ



અંતર્ગત રાજયદના પોલીસ વડાની 'તેરા તુજકો અર્પણ' ઝુંબેશ અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંમ હતું.

શહેર પોલીસ હેડક્વાર્ટર તાલિમ ભવન ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યાંમાં પ્રજાજનો હાજર રહ્યા હતાં. અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં તથા સાયબર ક્રાઇમ પોલીસમાં છેલ્લા ત્રણ મહિનામાં મોબાઇલ ફોન ગૂમ થયાની ચોરાયાની અરજીઓ મળી હતી. આવી ૩૬૨ અરજીઓનો સીઈઆઈઆર પોર્ટલ અને હ્યુમન સોર્સનો ઉપયોગ કરી નિકાલ કરવામાં આવ્યો હતો અને આવા મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યો હતાં. જે પૈકી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા રૂા. ૩૬,૩૯,૧૧૨ના ૨૨૦ મોબાઈલ ફોન તથા અન્ય ડીવીઝનોના ૧૪૨ મોબાઇલ ફોન મળી કુલ રૂા. ૫૯,૪૪,૭૯૭ના ૩૬૨ મોબાઇલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતાં. આ તમામ મોબાઇલ ફોન આજે તેના મુળ માલિકને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ પરત કરવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત છેલ્લા ત્રણ મહિનામાં શહેરમાં સાયબર પોલીસ સ્ટે શનમાં સીઆઇડી ક્રાઇમ ગાંધીનગર ખાતેથી મળેલી અરજીઓમાં ફ્રોડથી ગયેલી રકમ બેંકમાં પુટઓન હોલ્ડ કરાવી અરજદારોને કુલ રૂા. ૧,૭૬,૫૯,૪૩૪ની (જેમાં સાયબર ક્રાઇમ પોલીસની રૂા. ૧,૬૮,૮૬,૪૮૧ની રકમ) તથા અન્યપ પોલીસ સ્ટેશનોની રકમ કોર્ટ મારફત રિફન્ડ હુકમ કરાવી પરત અપાવી છે.

આમ મોબાઇલ ફોન અને ફ્રોડની રકમ મળી શહેર પોલીસ દ્વારા નગરજનોનને રૂા. ૨,૩૬,૦૪,૨૩૧ની માલમત્તા તેરા તુજકો અર્પણ ઝુંબેશ હેઠળ પરત આપવામાં આવતાં નગરજનોએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી સુધીરકુમાર દેસાઇ, ડીસીપી પૂજા યાદવ, એસીપી ક્રાઇમ બી. બી. બસીયા તેમજ તમામ ઝોનના એસીપીશ્રીઓના માર્ગદર્શનમાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના તમામ પીઆઇ તેમજ અન્ય પોલીસ સ્ટેશનોના તમામ પીઆઇ અને તેમની ટીમો દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવએ આ તકે ઉપસ્થિત રહેલા નગરજનોને સાયબર ફ્રોડથી બચવા માટે સજાગ રહેવા મહત્વના સુચનો આપ્યા હતાં.

# રાજકોટ મનપાના આબોહવા સ્થિતિસ્થાપક સંસ્થા સાથે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર

રાજકોટ,

આબોહવા પરિવર્તન માટે શહેરને વધુ સ્થિતિસ્થાપક બનાવવાનો અર્થ છે વિપરીત ચરમસીમાઓ માટે તૈયારી કરવી. આ સંદર્ભે, ભારતના શહેરોએ દુષ્કાળ, પૂર, ગરમી અને વાયુ પ્રદુષણ માટે પેહલાથી આયોજન કરવું જોઇએ. રાજકોટ મહાનગરપાલિકા અને યુએસ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ અંતર્ગત એશિયા રેઝિલિયન્ટી સિટીઝ (પ્રોજેકટ દ્વારા રાજકોટની આબોહવા સ્થિતિ સ્થાપકતાના નિર્માણની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ લેવામાં આવ્યું છે. બને સસ્થાના પ્રતિનિધિઓએ સમજૂતીના મેમોરેન્ડ એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા જે ઝડપી શહેરીકરણ, વધતા તાપમાન, પાણીની અછત અને શહેરી પૂરના સંદર્ભમાં કાર્ય યોજનાના અમલીકરણ અને આબોહવા સ્થિતિસ્થાપકતા બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને ઔપચારિક બનાવે છે.

મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલે જણાવ્યું હતુ કે, રાજકોટ આપણા દેશમાં ની અસરો રોકવા માટેના પગલામાં સૌથી આગળ છે. જેમ આપણા શહેરનો વિસ્તાંર વધે છે, આપણે પર્યાવરણ માટે



ફાયદાકારક અને સમાવિષ્ટ આર્થિક વૃદ્ધિ તેમજ નાગરિકો માટે ઉચ્ચં જીવનક્ષમતા સુનિતિ કરવી જોઇએ.એ.આર.સી. મહત્વિના મુદ્દાઓ પર આર.એમ.સી.અધિકારીઓની કાર્યક્ષમતા વધારવા માટે કાર્ય કરશે જેમાં વરસાદી પાણીનો સંચય , ટ્રીટેડ વેસ્ટન વોટરનો પુનઃઉપયોગ, સ્પોરન્જ સિટી પહેલને ટેકો આપવો તથા સામાજિક અને વર્તણૂંક પરિવર્તન માટે સલાહકારોની ભરતીને પ્રોત્સાનહન આપશે. રાજકોટ ભારતમાં શહેર બનવાની ક્ષમતા ધરાવે છે અને અન્યત શહેરોને તેને અનુસારવા પ્રોત્સાહિત કરી શકે છે. તેમ પણ મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલે જણાવ્યું હતું.એશિયા રેઝિલિયન્ટ સિટીઝ પ્રોજેકટના ડેપ્યુ ટી ડાયરેકટર ડો. દામોદર બચાનીએ આ તકે જણાવ્યું હતું કે, ''રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથેની અમારી ભાગીદારી સતત શહેરી વિકાસને પ્રોત્સાઆહન આપવા માટે મહત્વ પૂર્ણ પગલું છે. આગામી ચાર વર્ષોમાં, અમે એ.આર.સી. ના બહુમૂલ્યશ લક્ષ્યોને આગળ ધપાવવા માટે સરકારી અને ખાનગી સંસ્થાંઓ બંને સાથે સતત બહુવિધ ભાગીદારી બનાવીશું.''એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા ત્યારે ચેતન નંદાણી, ડેપ્યુટી કમિશનર આર.એમ.સી.અને સી.ઇ.ઓ. અને ડિરેકટર, રાજકોટ સ્માર્ટ સિટી કોર્પોરેશન લિમિટેડ , અશોક રાયસિંઘાણી, કન્ટ્રી લીડ ઇન્ડિરયા, એઆરસી પ્રોજેકટ અને એઆરસી ટીમના સભ્યો હાજર હતા.

### રાજકોટના વોર્ડ નં. ૧૧માં ફાયર સ્ટેશન બનાવવા કોંગ્રેસના વોર્ડ પ્રમુખની રજુઆત

રાજકોટ,

રાજકોટ શહેરના વોર્ડ નં. ૧૧માં ફાયર સ્ટેશન બનાવા કેતન તાળાએ કોંગ્રેસ વોર્ડ પ્રમુખ તંત્ર વાહકોને પત્ર પાઠવી યોગ્યનરજુઆત કરી છે.

આ અંગે કેતન તાળા એ પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે, વોર્ડ નં. ૧૧ના વિસ્તુાર બહુ મોટો છે. અને ફાયર સ્ટે શન ઘણું દુર છે. વોર્ડ નં. ૧૩માં ફાયર સ્ટેશન છે. તે વોર્ડ નંબર ૧૧ના છેવાડાના વિસ્તા૧રથી ૭ કિલો મીટરથી પણ દુર થાય છે. તો તાકિદે ૧૫૦ ફુટ રોડ પર બનાવવા માંગ કરી છે.

### રાજકોટમાં કેન્દ્રીય મંત્રી ડો.એસ. જયશંકરને આવકારતા રામભાઇ મોકરીયા

રાજકોટ,

રાજકોટ ખાતે રાષ્ટ્રી ય એકતા મંચ રાજકોટ દ્વારા આયોજિત 'પ્રબુધ્ધોવ સાથે પરામર્શ' કાર્યક્રમમાં કેન્દ્રી ય મંત્રી ડો.એસ.જયશંકરજીએ 'ભારત ભાગ્યર વિધાતા' પર નાગરિકો સાથે વાત કરી હતી. આ પ્રસંગે રાજ્યનસભાના સાંસદ રામભાઇ મોકરીયા સહિત વિવિધ મહાનુભાવો ઉપસ્થિ ત રહ્યા હતા. અને મંત્રી ડો.એસ. જયશંકરનું સ્વાગત કર્યું હતું.

# રાજકોટ મનપાની વેરાના મુખ્ય આવકનો સ્ત્રોતથી તિજોરી છલકાઇ : કુલ ૩૬૫ કરોડનો મિલકત વેરો જમા

## વેસ્ટ ઝોનમાં વેરા આવકનો ટાર્ગેટ ૧૦૦ ટકા પૂર્ણ : મિલ્કાત વેરો ભરવામાં ન્યુ રાજકોટવાસીઓ મોખરે

રાજકોટ,

૨૦૨૩-૨૪નું નાણાકીય વર્ષ પૂર્ણ થયું છે ત્યા રે મનપાની મિલ્કત વેરા આવકમાં ન્યુ રાજકોટ એટલે કે વેસ્ટ ઝોનમાં વેરા આવકનો ટાર્ગેટ ૧૦૦ ટકા પૂર્ણ થયાનું ખુલ્યું છે. મનપાની મુખ્યા આવકનોસ્ત્રોત એવી વેરા શાખાને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૩,૯૫,૫૪૭ કરદાતાઓએ અંદાજીત કુલ ૩૬૫ કરોડનો મિલકત વેરો તંત્રની તીજોરીમાં ઠાલવ્યો્ છે. સૌથી વધુ વેસ્ટા ઝોનના ૧૭૯૪૮૮ કરદાતાઓએ રૂા. ૧૫૩૧૩૯૯૭૩ ભર્યો છે. વેરા શાખામાં નોંધાયેલ વિગતો મુજબ ત્રણેય ઝોનમાં કયાં વોર્ડમાં કેટલી આવક થવા પામી છે તેની વિસ્તૃાત જોતાં સેન્ટ્રલ ઝોન

વોર્ડ નં. ૨માં ૧૬૯૨૩ કરદાતાઓએ ૨૧.૬૧ કરોડ, વોર્ડ નં. ૩માં ૨૩૮૭૫ એ ૧૫.૭૬ કરોડ, વોર્ડ નં. ૭માં ૩૭,૬૮૪ કરદાતાઓએ ૪૭.૮૮ કરોડ, વોર્ડ નં. ૧૩માં ૧૮૦૩૪ કરદાતાઓએ ૧૭.૩૧ કરોડ, વોર્ડ નં. ૧૪માં ૧૬,૬૭૪ લોકોએ ૧૩.૪૮ કરોડ તથા વોર્ડ નં. ૧૭માં ૧૪૪૫૪ મિલ્કત ધારકોએ ૧૦.૧૯ કરોડનો વેરો ભર્યો છે. આ ઝોનમાં કુલ ૧,૨૭,૬૦૪ કરદાતાઓ દ્વારા રૂા. ૧૨૬ કરોડની આવક થવા પામી છે. આ ઝોનમાં ૧૫૫ કરોડના લક્ષ્યાંક સામે ૧૨૬ કરોડ થવા પામી છે.

વેસ્ટ ઝોન : વોર્ડ નં. ૧ના ૨૯૬ હજાર મિલકત ધારકોએ ૧૮.૯૯ કરોડ, વોર્ડ નં. ૮ના ૨૨ હજાર કરદાતાઓએ ૩૦.૩૦ કરોડ, વોર્ડ નં. ૯માં ૩૧ હજાર લોકોએ ૨૨ કરોડ, વોર્ડ નં. ૧૦ના ૨૪,૨૭૫ મકાન ધારકોએ ૨૫.૫૬ કરોડ, વોર્ડ નં. ૧૧ના ૨૯ હજાર કરદાતાઓએ ૩૩.૫૬ કરોડ તથા વોર્ડ નં. ૧૨ના ૨૯ હજાર કરદાતાઓએ રૂા. ૨૨.૭૭ કરોડ સહિત કુલ ૧,૭૯,૪૮૮ કરદાતાઓએ ૧૫૩ કરોડનો વેરો ભર્યો છે. આ ઝોનમાં ૧૫૩.૮૯ લાખના લક્ષ્યાંક સામે ૧૫૩.૨૪ ટકાની વસુલાત થવા પામી છે.

ઈસ્ટ ઝોન : સામાકાંઠાના વોર્ડ નં. ૪માં ૧૯ હજાર કરદાતાઓએ ૧૬.૫૯ કરોડ, વોર્ડ નં. ૫માં ૧૩,૦૬૧ મિલ્કકત ધારકોએ ૧૦.૩૮ કરોડ, વોર્ડ નં. ૬માં ૧૦,૭૪૬ લોકોએ ૧૧.૪૪ કરોડ, વોર્ડ નં. ૧૫માં ૭૮૦૨ કરદાતાઓએ ૧૧ કરોડ, વોર્ડ નં. ૧૬માં ૯ હજાર મિલ્કરત ધારકોએ ૭.૨૭ કરોડ તથા વોર્ડ નં. ૧૮માં ૨૮,૨૦૭ કરદાતાઓએ ૨૮.૧૯ કરોડ સહિત કુલ ૮૮,૪૧૫ મિલકત ધારકોએ રૂા. ૮૫.૭૯ કરોડનો વેરો ભર્યો છે. આ વર્ષે ઈસ્ટ ઝોનમાં ૯૧.૩૭ કરોડના લક્ષ્યાંક સામે ૮૫.૯૪ ટકાની વેરા વસુલાત થઈ છે. આ ઝોનમાં એક વર્ષમાં નવી મિલકત આકારણી થવા પામી છે.

# મોટી ખાવડી સ્થિત રિલાયન્સ ગ્રીન્સમાં મુંબઈ ઇન્ડિયન્સના ખેલાડીઓ બન્યા મહેમાન

## કેપ્ટન હાર્દિક પંડ્યા તેમજ રોહિત શર્મા, તિલક વર્મા, અર્જુન તેંડુલકર, ઈશાન કિશન સહિતના ખેલાડીઓ પરિવાર સહિત મીની વેકેશન માણસે



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના એરપોર્ટ પર ગઈકાલે ફરીથી મુંબઈ ઇન્ડિયન્સની ક્રિકેટ ટીમનું આગમન થયું છે, અને આઈપીએલમાં ચાર દિવસનો બ્રેક હોવાથી મુંબઈ ઇન્ડિયન્સની ટીમ જામનગરની મહેમાન બની છે, અને રિલાયન્સ ગ્રીન્સમાં પોતાના પરિવાર સાથે મીની વેકેશન માણશે. મુંબઈ ઈન્ડીયન્સની ટીમના વર્તમાન કેપ્ટન હાર્દિક પંડ્યા, પૂર્વ કેપ્ટન રોહિત શર્મા, ઉપરાંત અર્જુન તેંડુલકર, તિલક વર્મા, ઇશાન કિશન, કવેના મફાકા સહિતના ક્રિકેટ ખેલાડીઓ ગઈકાલે જામનગરના એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. જેમાં કેટલાક ખેલાડીઓ પોતાના પરિવાર સાથે પણ આવી પહોંચ્યા હતા, અને તમામનું એરપોર્ટ પર રિલાયન્સ કંપનીના અધિકારીઓ દ્વારા સ્વાગત કરાયું હતું, અને તમામને સ્પેશિયલ લક્ઝરી બસ મારફતે મોટી ખાવડી સ્થિત રિલાઈન્સ ગ્રીન્સમાં લઈ જવામાં આવ્યા છે, અને તેઓ શનિવાર સુધીનું ચાર દિવસનું મીની વેકેશન માણશે.

# ફલ્લા નજીક કાર અને ટ્રેકટર વચ્ચે અકસ્માત સર્જાતા એક મહિલાનું મોત : ૧૮ ઈજાગ્રસ્ત

## ટ્રેક્ટરની ટ્રોલીમાં બેઠેલા એક મહિલાનું ગંભીર ઈજા થવાથી કરૂણ મૃત્યુ : જ્યારે એકની હાલત ગંભીર



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : વાંકાનેર પંથકના યાત્રાળુઓ દ્વારકા દર્શનાર્થે ટ્રેક્ટરમાં બેસીને જઈ રહ્યા હતા, જે દરમિયાન ફલા નજીક અકસ્માત નડયો હતો. ઈજાગ્રસ્ત પૈકી એકની હાલત ગંભીર ગણાવાઈ રહી છે.

બનાવની વિગત એવી છે કે, વાંકાનેર તાલુકાના ભીંગુડા ગામના ૧૮ જેટલા દર્શનાર્થીઓ કે જેઓ એક ટ્રેક્ટરમાં બેસીને આજે વહેલી સવારે વાંકાનેરથી દેવભૂમિ દ્વારકા તરફ જઈ રહ્યા હતા, તે દરમિયાન તેઓને ફલલા નજીક અકસ્માત થયો હતો, જેમાં કાર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો હોવાથી ટ્રેક્ટરની ટ્રોલી ધડાકા અથડાઈને માર્ગ પર ઉંધી પડી ગઈ હતી. જેના કારણે મહિલાઓ સહિતના ૧૮ જેટલા યાત્રાળુઓને નાની મોટી ઈજા થઈ હતી, અને ભારે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.

આ અકસ્માતના બનાવની જાણ થતાં પંચકોષી બી. ડિવિઝનનો પોલીસ સ્ટાફ તેમજ ૧૦૮ની ટુકડી દોડતી થઈ હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે જામનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જે પૈકી એક યાત્રાળુ મહિલાનો ગંભીર ઈજા થવાથી મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે એક બુઝુર્ગની હાલત ગંભીર ગણાવાઈ રહી છે, અને જીજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસે અકસ્માતના બનાવ અંગે તપાસ હાથ ધરી છે.

# દ્વારકામાં યુવાનની હત્યા કેસમાં પત્ની, સાસુ અને સાળાનો નિર્દોષ છૂટકારો

દ્વારકા : દ્વારકા નજીકના સુરજકરાડી ગામે પત્નીને મળવા ગયેલ પતિ પર પત્ની તેમજ સાસુ સહિત ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો. જેમાં પતિને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું. જે બનાવમાં પત્ની, સાસુ સહિત ત્રણ શખ્સો સામે હત્યા અંગેનો ગુનો નોંધાયો હતો. જે કેસ ચાલી જતાં તમામનો નિર્દોષ છૂટકારો ફરમાવવામાં આવ્યો છે.

દ્વારકામાં રહેતા ખેંગાર સુમલાભા માણેકના લગ્ન વર્ષ ૨૦૧૮માં સુરજકરાડી ઉદ્યોગનગર વિસ્તારમાં રહેતા બુધાભા ભઠડના પુત્રી સમજુબેન સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને એક પુત્રનો જન્મ થયો હતો. ત્યાર બાદ પતિ-પત્ની વચ્ચે મનદુઃખ થતા સમજુબેન તેમના માવતરે રિસામણે જતા રહ્યા હતા. આ પછી ગત તારીખ ૦૨-૦૬-૨૦૨૧ ના રોજ રાત્રિના આશરે ૧ વાગ્યાના સમયે સમજુબેનના પતિ ખેંગારભા માણેક તેના પુત્રને મળવા તેમના ઘરે ગયા હતા. તે દરમિયાન થયેલી બોલાચાલી બાદ ખેંગારભાના સાસુએ તેમની આંખમાં અને મોઢા ઉપર મરચાની ભૂકી છાંટી, સમજુબેને તેના પતિને માથાના ભાગે કુહાડી ફટકારી દીધી હતી. આ ઉપરાંત સાળા ખેંગારભા બુધાભા ભઠડએ પણ લોખંડના પાઈપ વડે માર મારી, જીવલેણ ઈજાઓ પહોંચાડતા ગંભીર હાલતમાં ખેંગારભા માણેકનું મૃત્યુ નિપજ્યું હતું.

તેમની લાશ નજીકની એક દુકાન પાસેના રોડ પર પડી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે મૃતકના ભાઈ કનુભા સુમલાભા માણેકને હત્યા અંગેની માહિતી પરથી મૃતકના ભાઈએ મૃતક ખેંગારભાના પત્ની સમજુબેન, સાળા ખેંગારભા ભઠડ અને સાસુ ધનબાઈ બુધાભાઈ સામે હત્યાની કલમ સહિતના જુદા જુદા ગુનાઓ સબબની ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસ તપાસ દરમિયાન નજરે જોનારા સાહેદોના નિવેદનો નોંધી આ અંગે સક્ષમ અધિકારી સમક્ષ લેવામાં આવેલા નિવેદનો વિગેરે બાદ સમજુબેન, તેણીના માતા ધનબાઈ તથા ભાઈ ખેંગારભાની ધરપકડ કરી, અદાલત સમક્ષ રજૂ કરતા નામદાર અદાલતે ત્રણેય આરોપીઓને જિલ્લા જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. આ આરોપીઓ વિરુદ્ધ રજૂ કરવામાં આવેલી ચાર્જશીટ બાદ આ અંગેનો કેસ દ્વારકાની નામદાર અદાલતમાં ચાલી જતા આરોપીઓના વકીલ ખંભાળિયાના જીતેન્દ્રભાઈ કે. હિંડોચા વિગેરેની દલીલો તથા ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાઓને ધ્યાનમાં લઈએ નામદાર અદાલતએ આરોપીઓને છોડી મૂકવા માટેનો હુકમ કર્યો હતો.

# જામનગર 'આપ'માં શહેર પ્રમુખ સહિત ૧૨ હોદેદારોએ એકસાથે રાજીનામા આપતા હડકંપ

જામનગર : કેન્દ્રીય નેતૃત્વએ અગાઉ આપેલ કમિટમેન્ટ પૂરા નહીં કરતાં જામનગરમાં આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ સહિત ૧૨ હોદેદારોએ ગઈકાલે એકસાથે રાજીનામા ધરી દેતાં જામનગર 'આપ'માં મોટુ ભંગાણ થતાં હડકંપ મચી ગઈ છે.

ગુજરાતના રાજકારણમાં ક્ષત્રિય સમાજ અંગે રૂપાલાએ કરેલ વિવાદાસ્પદ ટિપ્પણીને લઈ રાજકારણમાં ગરમાવો આવ્યો છે ત્યારે જામનગર આમ આદમી પાર્ટીમાં એકસાથે ૧૨ હોદેદારોએ રાજીનામા ધરી દીધાં છે.




જામનગર આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ કરશનભાઈ કરમુર, ઉપપ્રમુખ આશિષ સોજિત્રા તેમજ આશિષ કંટારિયા અને અશ્વિભાઈ પ્રજાપતિ સહિત ૧૨ જેટલા હોદેદારોએ ગઈકાલે એકસાથે આમ આદમી પાર્ટીમાંથી રાજીનામા દઈ દીધાં છે. શહેર પ્રમુખ કરશનભાઈ કરમુરએ આસપાસ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય નેતૃત્વએ અગાઉ અમુક કમિટમેન્ટ આપેલ હતાં પરંતુ આજ દિવસ સુધી તે અંગે કોઈપણ જાતની ચર્ચાઓ કરવામાં નહીં આવતા અને આપેલ કમિટમેન્ટ પૂર્ણ નહી કરાતા મારા સહિત ૧૨ હોદેદારોએ એકસાથે આમ આદમી પાર્ટીને બાય બાય કરી સામૂહિક રાજીનામા આપી દીધાં છે. જામનગર શહેરમાં શહેર પ્રમુખ સહિતના ૧૨ હોદેદારોએ એકસાથે રાજીનામા આપી દેતાં મોટું ભંગાણ સર્જાયું છે તેમજ 'આપ'માં હલચલ મચી ગઈ છે.

# જામનગરના રાષ્ટ્રીય કરણી સેનાની મહિલા પાંખ દ્વારા રૂપાલાના વિરોધમાં કાર્યક્રમ યોજાયો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : રાજકોટ લોકસભાની બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પુરષોત્તમભાઈ રૂપાલા સામે સૌરાષ્ટ્રભરમાં પ્રચંડ વિરોધ જોવા મળી રહ્યો છે, અને તેમના નિવેદનોને અનુલક્ષીને રાજપૂત સમાજના જુદા જુદા સંગઠનો દ્વારા તેમની ટિકિટ રદ કરવાની માંગણી સાથે વિરોધના સુર ઉઠી રહ્યા છે, જેના પગલે જામનગરના લાલ બંગલા સર્કલમાં ગઈકાલે રાષ્ટ્રીય કરણી સેનાની મહિલા પાંખ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જામનગરમાં લાલ બંગલા સર્કલ ખાતે સૌરાષ્ટ્રભરમાંથી આવેલા શ્રી રાષ્ટ્રીય કરણી સેના મહિલા પાંખના મહિલા અગ્રણીઓની સાથે રહીને જામનગરના ક્ષત્રિયાણીઓ દ્વારા પુરુષોત્તમ રૂપાલાનો વિરોધ કરવામાં આવ્યો હતો. અને તેમના વિરુદ્ધ સુત્રોચાર કરી રાજપુત સમાજની મહિલાઓએ વિરોધ દર્શાવ્યો હતો. તેમજ કોઈપણ ભોગે પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ કાપવાની માંગ કરાઈ હતી, અને જો ટિકિટ કાપવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી.

# જામનગરમાં એડવોકેટની હત્યામાં ઝડપાયેલા આરોપીઓના રિમાન્ડ પૂરા થતાં જેલહવાલે

જામનગર : જામનગરના બેડીમાં એડવોકેટની હત્યામાં ૧૫ શખસો સામે નોંધાયેલી ફરિયાદમાં પોલીસે બે સગીર સહિત ૮ શખસોને ઝડપી લીધા બાદ ૬ શખસોને ૭–૭ દિવસના રીમાન્ડ પર લીધા હતાં. જેમાં આજે બે શખસોના રીમાન્ડ પુરા થતાં તમામને જેલ હવાલે કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય શખસોની શોધખોળ કરવામાં આવી રહી છે. બેડી વિસ્તારમાં એડવોકેટ હારૂન પલેજાની ગત તા.૧૩ માર્ચના રોજ સરાજાહેર થયેલી ઘાતકી હત્યામાં પોલીસે ૧૫ શખસો સામે ગુનો નોંધ્યો હતો. આરોપીઓ પલાયન થઈ જતાં એસપી પ્રેમસુખ ડેલુ દ્વારા હત્યારાઓને પકડવા માટે ખાસ સીટની રચના કરવામાં આવી હતી. જેમાં એલસીબી, સીટી બી ડિવિઝન પોલીસે બસીર સાયચા, ઈમરાન સાયચા, સિકંદર સાયચા, રમઝાન સાયચા, દિલાવર કક્કલ, સુલેમાન કક્કલ અને બે સગીરો મળીને ૮ શખસોની ધરપકડ કરી હતી. જેમાં બે સગીરોને બાળ સુધાર ગૃહમાં મોકલીને ૬ શખસોને એક પછી એકને રીમાન્ડ પર લઈને હત્યામાં વપરાયેલા હથિયારો, મોબાઈલ, લોહીવાળા કપડા કબ્જે કર્યા હતાં. જેમ જેમ રીમાન્ડ પુરા થતા ગયા તેમ તેમ આરોપીઓને કોર્ટમાં રજુ કરીને જેલ હવાલે કરાયા હતાં. આજે બે શખસોના રીમાન્ડ પુરા થતાં તમામ આરોપીઓ જેલ હવાલે થયા છે. જ્યારે અન્ય નાશી છુટેલા ૭ શખસોની પોલીસે શોધખોળ આરંભી છે.

# જામનગર શહેરમાં ફર્નિચરની દુકાનનું શટર ઉચકાવી તસ્કરો ૯૮ હજાર રોકડા ચોરી ગયા




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના ખોડિયારકોલોની વિસ્તારમાં મયુર કોમ્પલેક્ષ સ્થિત ફર્નિચરની દુકાનમાં ગતરાત્રે એક દુકાનનું શટરનું તાળુ તોડી તસ્કરો કાઉન્ટરમાંથી રૂપિયા અઠાણુ હજાર રોકડાની રકમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલા મયુર કોમ્પલેક્ષ સ્થિત ડેકોરા ફર્નિચર નામની દુકાનમાં રાત્રિના સમયે કોઈ તસ્કરો દુકાનના શટરનું તાળુ તોડી શટર ઉંચકાવી અંદર પ્રવેશ્યા હતા અને કાઉન્ટરના ખાનાનું લોક તોડી નાખી અંદરથી રૂપિયા દોઢેક લાખની રોકડ રકમ ચોરી કરી લઇ ગયા હતા. જેથી દુકાન સંચાલકને ચોરી ની જાણ થતા તેમણે પોલીસને જાણ કરતા પોલીસ ટૂકડી તપાસ માટે સ્થળ પર દોડી ગઈ હતી. ઉપરાંત એલસીબીની ટીમે પણ તપાસ શરૂ કરી છે.

તસ્કરો દુકાનના સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. આથી પોલીસે તેના ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલાં પણ ખોડીયાર કોલોનીમાં જ બે દુકાનમા ચોરી થવા પામી હતી.

# ભાણવડના જંબુસર ગામે પતિ સાથે નહીં લઈ જતાં પત્નીએ જીવન ટૂંકાવ્યું

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના જંબુસર ગામે રહેતી એક પરીણિતાને તેનો પતિ સાથે નહીં લઈ જતાં લાગી આવવાથી તેણીએ ઝેરી દવા પી લેતાં મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

ભાણવડથી આશરે ૧૭ કિલોમીટર દૂર જંબુસર વાડી વિસ્તારમાં હાલ રહેતી અને મૂળ મધ્ય પ્રદેશના ખરગોન જિલ્લાના ભગવાનપુરા તાલુકાની વતની સુનીતાબેન રાજુભાઈ સસ્તિયા નામની ૨૬ વર્ષની આદિવાસી મહિલાએ ગત તારીખ ૩૧ મી ના રોજ પોતાના હાથે પાકમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેણીનું મૃત્યુ નિપજ્યું હતું.

મૃતક મહિલાના પતિએ તેણીને પોતાની સાથે તેમના ઘરે લઈ ન જતા આ બાબતે તેણીને મનમાં લાગી આવતા તેણીએ આ પગલું ભર્યું હોવાની જાણ ભાણવડમાં રહેતા કુલસિંહ બડોલે આદિવાસી (ઉ.વ. ૫૫, મૂળ ભગવાનપુરા, હાલ જંબુસર) એ ભાણવડ પોલીસને કરી છે. જે અંગે પોલીસે જરૂરી નોંધ કરી, આગળની કાર્યવાહી કરી હતી.

# રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચે ૧૭ વાહન ચોરીનો ભેદ ઉકેલ્યો : બે ઝડપાયા : ૧૭ બાઈક જપ્ત

## સડક પીપળીયાનો શખ્સ લોક વગરના વાહન ચોરીને મિત્રની મદદથી સસ્તામાં વેંચતો વેંચી નાખતો હતો



રાજકોટ,

રાજકોટ શહેરમાં વાહનચોરીના બનાવો વધ્યાં હોઇ ક્રાઇમ બ્રાંચની ટીમ આવા ગુના શોધી કાઢવા પ્રયત્નહશીલ હોઇ ચોક્કસ બાતમીને આધારે બે શખ્સને હોન્ડાગ શાઇન સાથે પકડી લઇ વિશેષ પુછતાછ કરતાં આ બંને રીઢા વાહનચોર નીકળ્યા હતાં. કુલ ૧૭ વાહનોની ચોરીનો ભેદ ખુલતાં પોલીસે ગોંડલના સડક પીપળીયા અને ગુંદાસરાના બે મિત્રાને દબોચી રૂા. ૬,૭૫,૦૦૦ના વાહનો કબ્જે લીધા છે. કારખાનામાં મજૂરી કરતો સડક પીપળીયાનો શખ્સ૧ રાજકોટ, ગોંડલ, જુનાગઢ જઇ જે વાહનમાં લોક ન હોઇ તે દોરીને દૂર લઇ જઇ ડાયરેક્ટૂ કરી ચોરીને મિત્રા ગુંદાસરાના શખ્સોને દસથી વીસ હજારમાં વેંચી દેતો. આ મિત્ર ફાયનાન્સમાંથી ખેંચાયેલા હોવાનું કહીને પરીચીતોને સસ્તામાં પધરાવી દેતો હતો. આ રીતે બંને મિત્રો રોકડી કરી મોજશોખ કરતાં હતાં.

ચોરી-ચિલઝડપ-લૂંટના અનડિટેક્ટઆ ગુના ઉકેલવાની કાર્યવાહી અંતર્ગત ડીસીબીના એએસઆઇ જલદિપસિંહ વાઘેલા, હેડકોન્સન. કૃષ્ણ દેવસિંહ ઝાલા, કોન્સ. મોહિલરાજસિંહ ગોહિલ અને ગોપાલભાઇ પાટીલને બાતમી મળતાં મુકેશ લાભુભાઇ મારડીયા (ઉ.૪૦-રહે. સડક પીપળીયા તા. ગોંડલ, મુળ ખાંભા અમરેલી) તથા આશિષ વલ્લભભાઇ કાપડી (ઉ.૩૪-રહે. ગુંદાસરા રીબડા રેલ્વે સ્ટેશન પાસે, દલપતભાઇના મકાનમાં, મુળ વિરપુર)ને ચોરાઉ બાઇક સાથે પકડી લીધા હતાં. વિશેષ પુછતાછ થતાં આ બંનેએ છેલ્લા ચાર મહિના દરમિયાન રાજકોટ, શાપર, ગોંડલ, જુનાગઢમાંથી કુલ ૧૭ ટુવ્હીલર ચોરી લીધાનું બહાર આવતાં કુલ ૬,૭૫,૦૦૦ના ૧૭ હોન્ડા સ્લે ન્ડલર, શાઇન, એક્ટીવા કબ્જે કર્યા હતાં.

વધુ વિગત મુજબ મુકેશ અને આશિષ બંને કારખાનામાં મજૂરી કરે છે. મુકેશ પોતાના ગામથી રાજકોટ , ગોંડલ, જુનાગઢ જઇ આટાફેરા કરી લોક વગરનું હોય એ બાઇક જોઇ લેતો હતો અને તેને દોરીને થોડે દુર લઇ જઇ ડાયરેક્ટલ કરી ચોરી કરી લેતો હતો. એ પછી મિત્ર આશિષને ૧૦થી ૨૦ હજારમાં વેંચી નાખતો હતો. આશિષ આ બાઇક પોતાના પરીચીતોને ફાયનાન્સોમાંથી પાછા ખેંચેલા છે તેમ કહી સસ્તામાં વેંચી રોકડી કરતો હતો. સત્તર વાહનો છેલ્લા ચાર મહિનામાં ઉઠાવ્યાંનું મુકેશે કબુલ્યું હતું.. મુકેશ અગાઉ જુનાગઢ સીટીમાં વાહન ચોરીના પાંચ ગુનામાં સંડોવાયો હતો. તેને જુનાગઢ જીલ્લા એલસીબીએ પણ ૨૭ વાહનો સાથે પકડયો હતો. કારખાનામાં કામ મજૂરી કરતાં આ બંને મિત્રો વાહનચોરી વેંચી મારી મોજશોખ કરતાં હોવાની વિગતો ખૂલી હતી.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઇમ બી. બી. બસીયાની સુચના અનુસાર પીઆઇ એમ.આર. ગોંડલીયા, પીએસઆઇ એ. એન. પરમાર, એએસઆઇ જલદિપસિંહ વાઘેલા, હરદેવસિંહ જાડેજા, હિતેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સ,. કૃષ્ણાદેવસિંહ ઝાલા, કોન્સય. હિરેનભાઇ સોલંકી, મહાવીરસિંહ ચુડાસમા, ગોપાલભાઇ પાટીલ, મોહિલરાજસિંહ ગોહિલની ટીમે કામગીરી કરી હતી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને કચ્છમાં વાદળછાંયા વાતાવરણ સાથે મિશ્ર હવામાન

## સવારે પવનના કારણે ઠંડક અનુભવાયા બાદ બપોરે ઉકળાટ



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મિશ્ર હવામાન યથાવત છે. આવા વાતાવરણ વચ્ચેર આજે સવારે પવન ફુંકાયો હતો અને વાદળા છવાઇ જતા ગરમીમાં રાહત અનુભવાઇ હતી.

જો કે સુર્યનારાયણના દર્શન થતાની સાથે જ હુંફાળુ વાતાવરણ છવાઇ જાય છે. અને જેમ જેમ દિવસ પસાર થાય તેમ તેમ ગરમીની અસર વધવા લાગે છે. બપોરે અસહય ઉકળાટનો અનુભવ થાય છે.જુનાગઢના લઘુતમ તાપમાનમાં ઘરખમ ૩.૮ ડીગ્રીનો ઘટાડો થયો હતો. પરંતુ બપોર થતાની સાથે ગરમી શરૂ થઇ ગઇ હતી. ગઇકાલે આકાશમાં વાદળો છવાઇ ગયા બાદ આજે સવારે જુનાગઢનું લઘુતમ તાપમાન ૩.૮ ડીગ્રી ઘટીને ૧૮.૪ ડીગ્રી નોંધાતા સવારે ગરમીની જગ્યાથએ ઠંડક અનુભવાય હતી.બીજી બાજુ વાતાવરણમમાં ભેજનું પ્રમાણ ૫૯ ટકા રહેતા સવારથી બફારો શરૂ થઇ ગયો હતો. પ્રતિ કલાકની ઝડપ ૨.૩ કિલો મીટરની રહી હતી. જો કે બપોર શરૂ થતાની સાથે જ ગરમીનું આક્રમણ થતાં લોકો પરેશાન થઇ ગયા હતા. જામનગરમાં લઘુતમ ૨૧, મહતમ ૩૪.૫, ભેજનુ પ્રમાણ ૯૩ ટકા, પવનની ગતિ ૭.૯ કિ.મી. રહી હતી.રાજકોટમાં ૩૭.૯ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૩૭.૪,વેરાવળમાં ૩૦.૫, જયારે અમદાવાદ ખાતે ૩૭.૮, અમરેલીમાં ૩૬.૮, વડોદરામાં ૩૫.૮, ભાવનગર ૩૪.૮, ભુજમાં ૩૬.૩, દાહોદમાં ૩૬.૩, ડાંગમાં ૩૬.૯, ડિસામાં ૩૬, તથા દ્વારકા ખાતે ૨૯.૧, દિવમાં ૩૨.૮, ગાંધીનગરમાં ૩૬.૫, કંડલામાં ૩૪.૪, અને નલિયા ખાતે ૩૨.૧, ડિગ્રી મહત્તમ તાપમાને નોંધાયું હતું.ઉલ્લેખનીય છે કે મહત્તમ તાપમાનમાં ૨૪ કલાકમાં ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઘટયું હતું.

## રાજકોટના સરધાર પાસે જીનીંગમાં કામ કરતા યુવાનનું હાર્ટ એટેકથી મોત

રાજકોટ,

રાજકોટના સરધાર નજીક આવેલા જીનીંગ મીલમાં કામ કરતી વખતે હાર્ટ એટેક આવતા યુવાનનું મોત નિપજતા અરેરાટી વ્યાપી છે.

મળતી વિગત મુજબ મૂળ છોટા ઉદેપુર હાલ સરધાર ગામ નજીક આવેલા કિશાન જીનીંગ મીલ કારખાનામાં કામ કરતો. રંગીલા રામસિંગભાઇ રાઠવા (ઉ.૩૫) સવારે કારખાનામાં હતો. ત્યાંરે અચાનક બેભાન થઇ ઢળી પડતા તેને સારવાર માટે સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યાંવ તેનું સારવાર દરમ્યાસન મોત નિપજયુ હતું. મૃતક રંગલા ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં બે પુત્રી છે.

# રાજકોટના નવાગામ રંગીલા સોસાયટીમાં પોસ્ટલ આસીસ્ટન્ટના બંધ મકાનમાંથી રૂા. ૩.૨૪ લાખની મતાની ચોરી

## પરિવારજનો બહારગામ જતાં તસ્કરો ત્રાટક્યા : સોના-ચાંદીના દાગીના ઉઠાવી ગયા

રાજકોટ,

રાજકોટના નવાગામ આણંદ પર રંગીલા સોસાયટી પાસે નવીન રેસીડેન્સી માં રહેતા પોસ્ટંલ આસીસ્ટન્ટના મકાનમાં ત્રાટકી તસ્કરો રૂા. ૩.૨૪ લાખના સોના-ચાંદીના દાગીના ચોરી જતા ફરિયાદ થઇ છે.નવાગામ આણંદ પર રંગીલા સોસાયટી પાસે નવીન રેસીડેન્સી શેરી નં. ૨ બ્લોચક નં. એ/૬ ના હાલ ગીર સોમનાથ, ઉનામાં રામનગર ખારો પોસ્ટી કોલોની બ્લોક નં. બી/૩માં રહેતા માથાભાઇ રૂડાભાઇ ઝાલા (ઉ.૫૨) એ કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. માધાભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે, પોતે દીવ મેઇન પોસ્ટં ઓફિસમાં પોસ્ટલ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે અને પોતે અને પુત્ર બંને ઉના પોસ્ટ કોલોનીમાં રહે છે અને પત્નીી? તથા પુત્રી બંને છેલ્લા છ મહિનાથી નવાગામ રંગીલા સોસાયટીમાં રોકાવા માટે હતા. તા. ૩૦ના રોજ પત્નીશ કંચનબેન અને પુત્રી રંજન બંને ઉના ગયા હતા. બાદ તા. ૨ના રોજ નવાગામમાં પોતાના મકાનની બાજુમાં રહેતા પાડોશી બાબુભાઇ વઘેરાનો ફોન આવેલ અને તેણે કહેલ કે, 'તમારા ઘરનું તાળુ તૂટેલુ છે અને દરવાજો ખુલ્લો છે જેથી તમે આવો' તેમ વાત કરતા પોતે, પત્નીા અને પુત્રી ત્રણેય તુરંત જ રાજકોટ પોતાના ઘરે આવ્યા ત્યા રે ઘરના દરવાજાનો નકુચો તૂટેલો હતો અને ખુલ્લો હતો બાદ પોતે અંદર જોતા સામાન વેરવિખેર જોવા મળ્યો? હતો. પોતે તપાસ કરતા ઘરમાં દીકરીના લગ્ન થોડા દિવસોમાં કરવાના હોઇ અને તેને આપવા માટે દાગીના લીધા હોઇ તેની સગાઇ કરેલ તે વખતે દાગીના આવ્યા હતા, તે ઘરમાં એક અનાજ ભરવાની કોઠીમાં રાખ્યા હતા. આ રૂા. ૩.૨૪ના સોના-ચાંદીના દાગીના જોવા ન મળતા ચોરી થઇ હોવાની ખબર પડી હતી. આ બનાવની પોતે કુવાડવા રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઇ પી.આર.રાઠોડ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી છે.

# રાજકોટના પોક્સો-એટ્રોસીટી અને સજાના વોરન્ટમાં ફરાર ત્રણ મહિલા સહિત એક શખ્સની ધરપકડ

રાજકોટ

અપહરણ, બળાત્કાર, પોક્સોસ અને એટ્રોસીટીના ગુનામાં ત્રણ મહિનાથી ફરાર મહિલા આરોપીને પેરોલ ફરલો સ્વોડે અને સજાના વોરન્ટમાં છ માસથી ફરાર મહિલા તથા નવ માસથી ફરાર શખ્સને યુનિવર્સિટી પોલીસે પકડી લઇ કાર્યવાહી કરી હતી.

પેરોલ ફરલો સ્વોકડની ટીમે બાતમી આધારે જોશનાબેન રાજેશભાઇ વાઘેલા (ઉ.વ.૪૩-રહે. કોઠારીયા સોલવન્ટ.-૨, મકાન નંબર-૯૫, હાલ રૈયાધાર સ્લંમ ક્વાર્ટર આશાપુરા ચોક સામે મકાન નં. ૬૧૨)ને રૈયાધારથી પકડી લેવાઇ છે. આ મહિલા વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસમાં ત્રણ મહિના પહેલા અપહરણ, બળાત્કાનર, પોક્સો અને એટ્રોસીટી એક્ઠા હેઠળ ગુનો નોંધાયો હતો. ત્રણ માસથી તે ફરાર હોઇ ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઇમ બી. બી. બસીયાની સુચના અંતર્ગત પીએસઆઇ બી. વી. ઝાલા અને ટીમે આ કામગીરી કરી હતી.

જયારે યુનિવર્સિટી પોલીસે રામાપીર ચોકડી શાષીનગરમાં રહેતી નઝમા ઉર્ફ રઝીયા મહેબુબભાઇ વિરૂધ્ધ ચીફ જયુ. મેજીસ્ટ્રેટશ્રી એ.પી. ડેરની કોર્ટના ફોજદારી કેસનું સજાનું વોરન્ટમ છ માસથી નીકળ્યું હોઇ તેને પડકી લેવાઇ હતી.

રામાપીર ચોકડી શાષીનગર-૨માં રહેતાં રવિ સુરેશભાઇ ડાભી (ઉ.૨૭)નું નેગોશીએબલ કેસનું જજશ્રી ડી.એસ. ત્રિવેદીની કોર્ટનું સજાનું વોરન્ટ્ નવ માસથી નીકળ્યુંશ હોઇ છતાં હાજર થતો ન હોઇ તેને પકડી લેવાયો હતો.પીઆઇ એન.આઇ. રાઠોડની રાહબરીમાં પીએસઆઇ બી.આર. ભરવાડ, મહિપાલસિંહ જાડેજા, સિધ્ધ્રજસિંહ જાડેજા, રઘુવીરસિંહ વાળા, મહેન્દ્રસિંહ ડોડીયા, ગોપાલસંભિહ, દિવ્યરાજસિંહ, તન્જુમબેન સહિતે એએસઆઇ સમીરભાઇ શેખ, વનરાજભાઇ લાવડીયા અને યોગરાજસિ્ હ ગોહિલની બાતમીથી કામગીરી કરી હતી.

આ ઉપરાંત રૈયા રોડ પર સતવારા સમાજની વાડી સામે શ્રીજી એવન્યુહ એપાર્ટમેન્ટની પાછળ રહેતી લત્તાબેન વિનોદભાઇ સીમેજીયા વિરૂધ્ધડ ચીફ જયુ . મેજીસ્ટ્રેટ જે. એસ. પ્રજાપતિની કોર્ટનું સજાનું વરોન્ટ નીકળ્યું હોઇ તેણી ફરાર હોઇ તાલુકા પોલીસ સ્ટેશનના કુલદિપસિંહ જાડેજા અને ક્રિપાલસિંહ ઝાલાની બાતમી પરથી પીઆઇ ડી.એમ. હરીપરા, એએસઆઇ ડી. એ. જાડેજા, કોશેન્દ્રનસિંહ સહિતની ટીમે પકડી લઇ કાર્યવાહી કરી હતી

# રાજકોટના કુબલીયાપરામાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસે બુલડોઝર ફેરવ્યું : દેશી દારૂનો પ્રવાહ વહ્યો



રાજકોટ,

રાજકોટ શહેરના કુબલીયાપરા વિસ્તાગરમાં થોરાળા પોલીસ દ્વારા દારૂના દરોડાની ડ્રાઇવ રાખવામાં આવી હતી. જેમાં મહિલા સહિત પાંચ જણાને દેશી દારૂ ૫૮૦ લીટર રૂા. ૧૧૬૦૦નો, આથો ૪૯૨૦ લીટર રૂા. ૪૯૨૦નો તથા ભઠ્ઠીના સાધનો રૂા. ૧૨૦૦ના મળી કુલ રૂા. ૨૨૬૪૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચોધરીની સુચના અનુસાર થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઇ એન. જી. વાઘેલા, પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી, જે. એમ. પરમાર, પ્રોબેશનર પીએસઆઇ એસ. એસ. જાડેજા, એ. પી. રતન, એમ. એચ. મહારાજ, એન.આર. ડોબરીયા તથા ડી. સ્ટારફ, ચોકીનો સ્ટાભફ, લોકરક્ષકો, મહિલા પોલીસની ટીમો, થોરાળાના ૧૯ કર્મચારીઓએ આ દરોડા પાડયા હતાં. જેમાં મોટા બેરલોમાં ધમધમતી દારૂની ચાલુ ભઠ્ઠીઓ પકડી લેવાઇ હતી. જેસીબીની મદદથી આથાના ડબ્બા ઓનો નાશ કરાયો હતો. નાશ કરાયેલા ડબ્બા, બેરલોનો ભંગાર ટ્રેકટર ભરીને નીકાલ કરાયો હતો.

## રાજકોટના નવારામપરા (બેટી) ગામે વાડીમાંથી તસ્કરો કેબલ વાયર ચોરી ગયા

રાજકોટ,

રાજકોટના નવા રામપરા (બેટી) ગામ પાસે આવેલી વાડીમાં પાણીની મોટરનો રૂા.૬૦૦૦ની કિંમતનો ૧૫૦ ફૂટ કેબલ વાયર તસ્કટરો ચોરી જતાં વાડી માલીક એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ નવા રામપરા (બેડી) ગામમાં રહેતા જનકભાઇ પ્રભાતભાઇ લોખીલ (ઉ.વ.૩૧)એ એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ કરી છે. જનકભાઇએ ફરિયાદમાં જણાવ્યુંમ છે કે પોતે ખેતી કરે છે. ગામ પાસે પોતાની ૫ વીઘાજમીનમાં લીંબુડીનુ વાવેતર કરેલ છે. તા.૧ના રોજ પોતે ગામની કોયલી નામે ઓળખાતી સીમમાં આવેલી પોતાની વાડીએ લીંબડુમાં પાણી પાવામ ટે ગયા હતા અને મોટર ચાલુ કરી લીંબુડીમાં પાણી પાઇને મોટર બંધ કરી પોતાના ઘરે આવી ગાય હતા. બાદ ગઇકાલે સવારે પોતે વાડીએ ગયા બાદ લીંબુડીમાં પાણી વાળવા માટે મોટર ચાલુ કરવા જતા મોટર ચાલુ થય ન હતી. જેથી પોતે કોયલીવાળા ગાળામાં આવેલી મચ્છો નંદીકાંઠે સરકારી જમીનમાં પાથરેલ પાણીની મોટરનો કેબલ વાયર તપાસવા જતા કેબલ વાયર કપાયેલો હતો. જેથી કોઇ અજાણ્યોં શખ્સ ૧૫૦ ફૂટ જેટલો કેબલ વાયર ચોરી ગયાની ખબર પડી હતી. આ અંગે પોતે એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઇ. એ.કે.રાઠોડ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના નવા ૧૫૦ રીંગ રોડ પર ડમ્પંરની હડફેટે યુવાનનું મોત



રાજકોટ,

રાજકોટ શહેરના નવા દોઢસો ફુટ રીંગ રોડ પર રાત્રીના જીવલેણ વાહન અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પસરની ઠોકરે ચડી જતાં લક્ષ્મીનગરમાં રહેતાં બાવીસ વર્ષના યુવાનનું ઘટના સ્થળે જ મોત નિપજતાં અરેરાટી વ્યા્પી ગઇ હતી.

જાણવ મળ્યાં મુજબ નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર વગડ ચોકડી પાસે રાત્રીના એક ડમ્પરની ઠોકરે ચડી જતાં યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ પી.એચ. નાઇ અને ભીખુભાઇ સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી હતી.અકસ્માસતને પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થઇ ગયા હતાં. મૃતકની ઓળખ મેળવવા પોલીસે તપાસ કરતાં આ યુવાન નાના મવા રોડ લક્ષ્મીનગર-૨માં રહેતો જોની ફુલસિંહભાઇ જાદવ (ઉ.વ.૨૨) હોવાનું ખુલતાં તેના સ્વ જનોને બોલાવી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યાત મુજબ જીજે૦૩બીવાય-૮૩૮૪ નંબરના ડમ્પરના ચાલકે આ અકસ્માત સર્જયો હતો. જોની જાદવ નવા દોઢસો રીંગ રોડ પર રામલીલા પાર્ટી પ્લોંટ ખાતે કેટરીંગનું કામ કરતો હતો. તે ચાલીને જતો હતો ત્યાોરે આ બનાવ બન્યો્ હતો. યુવાન દિકરાના મૃત્યુ?થી જાદવ પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોલીસે ડમ્પર ચાલક વિરૂધ્ધ કાર્યવાહીની તજવીજ કરી હતી.

# જૂનાગઢમાં કર્મકાંડીના ખિસ્સું હળવું કરનારા બે શખ્સો ઝડપાયા : ધરપકડ

જૂનાગઢ,

જૂનાગઢમાં વળદ્ધ કર્મકાંડીના ખિસ્સામાંથી ૧૧ હજારની ચોરી થઈ હતી પરંતુ પોલીસે ત્વરિત તપાસ હાથ ધરી ગણતરીના કલાકોમાં ૨ શખ્સને ઝડપી લીધા હતા.જૂનાગઢના ટીંબાવાડી વિસ્તાનરમાં આવેલ આનંદ નગર - ૨માં રહેતા કર્મકાંડી શૈલેષભાઈ જટાશંકર દવે (ઉ.વ.૫૯) અને તેના પુત્ર નિલેષ સાથે સવારે દામોદર કુંડ ખાતે કર્મકાંડની વિધિ પૂરી કરી મોપેડ પર પોતાના ઘર તરફ જતા હતા ત્યારે કાળવા ચોક ખાતે આરતી નામની પાન બીડીની દુકાનેથી બીડી, સોપારી અને તમાકુ ખરીદ્યા હતા. આ દરમ્યા?ન બે અજાણ્યા શખ્સ શૈલેષભાઈના ખિસ્સામાંથી રૂપિયા ૧૧,૦૦૦ થી ૧૧,૫૦૦ની રોકડ સેરવીને નાસી ગયા હતાં.

આ અંગે ફરિયાદ થતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઇ વી. એલ. લખધીરે ત્વરિત તપાસ હાથ ધરી ફરાર થયેલા કુકાવાવ તાલુકાના સનાળા ગામનો અરવિંદ કમલેશભાઈ સોલંકી અને જેતપુરનો સાગર ભનુભાઈ સોલંકીને શહેરના દાતાર રોડ વિસ્તારમાંથી રાત્રે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# જુનાગઢ નરસિંહ મહેતા યુનિ. સેમેસ્ટસર-૬ ની પરીક્ષાના છઠ્ઠા દિવસે વધુ પાંચ કોપીકેસ નોધાયા

જુનાગઢ,

ભક્તગકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા વિવિધ ૭૩ કેન્દ્રોના ઉપર સેમેસ્ટર-૬ ની બી.એ., બી.એ. (હોમ સાયન્સ), બી.કોમ., બી.એસસી., બી.એસસી.(હોમ સાયન્સ), બી.બી.એ., બી.સી.એ., બી.એસસી.(ફોરેન્સિક સાયન્સ), બી.એસસી.(આઈ.ટી.), બી.એસ.ડબલ્યુ., બી.આર.એસ., એલએલ.બી. ની પરીક્ષામાં કુલ ૨૮૩૪૮ વિદ્યાર્થીઓ વિવિધ કોલેજોમાં નોંધાયા છે.આજ રોજ પરીક્ષાના છટ્ઠા દિવસે જૂનાગઢ ખાતે કુલ ૫ કોપીકેસ કરવામાં આવ્યા હતાં. કોપીકેસ કરાયેલ વિષયમાં બી.કોમ. માં મેનેજમેન્ટ એકાઉન્ટોનો સમાવેશ થાય છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.(ડો.)ચેતનભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ વિવિધ પરીક્ષા કેન્દ્રો ઉપર અનુભવી પ્રાધ્યાપકોની સ્વોનડ તથા યુનિવર્સિટી ખાતેથી સીસીટીવી દ્વારા મોનીટરીંગ કરવામાં આવી રહ્યુ છે.

